જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૮-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

લોકસભામાં વડાપ્રધાને વિપક્ષ પર ફટકાબાજી કરી

૫૫ વર્ષના શાસન પર મારા ૫૫ મહિના ભારે પડી રહ્યા છે: મોદી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન મોદીએ બજેટ સત્રમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ગુરૂવારે ધન્યવાદ પ્રસ્તાવ આપ્યો. તેઓએ કહ્યું- આ વખતે સંબોધનમાં રાષ્ટ્રપતિએ જે રીતે દેશને દિશા આપી, સરકારના વિઝનની પ્રશંસા છે. તેના માટે હું તેમનો આભારી છું.

વડાપ્રધાને કહ્યું, ×સરકારની ઓળખ, ઈમાનદારી, પારદર્શિતા, ગરિમા, સંવેદના માટે છે. રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવું અમારી સરકારનું લક્ષ્ય છે. અમારી સરકારની ઓળખ ભ્રષ્ટાચાર પર વાર અને તેજ ગતિથી કામ કરવા માટે છે. ટીવીનું દ્રશ્ય હજુ પણ યાદ છે જ્યારે નોટ ખીસ્સામાં ભરવામાં આવતી હતી.

વડાપ્રધાને વધુમાં કહ્યું, ×સાડા ચાર વર્ષ પહેલાં શું થતું હતું અને આજે શું છે? આ કાળમાં આપણે કઈ રીતે આગળ વધ્યાં છીએ? આ ગૃહમાં જ્યારે આ લોકો અહીં બેઠા હતા ત્યારે તેઓને અર્થવ્યવસ્થામાં ૧૧ નંબર પર પહોંચવા માટે ગર્વ થયો હતો. પરંતુ આજે અમે ૬ પર છીએ અને તે લોકો આ વાતને ગર્વ નથી માની રહ્યાં.

મોદીએ કહ્યું, ×વિપક્ષમાં છે તો વિરોધ કરવો જોઈએ. મોદીનો વિરોધ કરવો જોઈએ. પરંતુ અમારામાંથી કોઈએ પણ એવી વાત ન કરવી જોઈએ જેનાથી દેશનું ખરાબ દેખાય. લંડન જઈને ખોટી વાતો કરીને શું તમે દેશનું માન વધારો છો? હું મારી મર્યાદામાં રહું તે વાત જ સૌથી સારી છે.

PMએ કહ્યું, ×સરકારની ઓળખ ઈમાનદારી, પારદર્શિતા, ગરિમા, સંવેદના માટે છે. રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવાની જવાબદારી અમારી સરકારની છે. અમારી સરકારની ઓળખ ભ્રષ્ટાચાર પર વાર અને તેજ ગતિથી કામ કરવા માટે છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ સત્તા પર પોતાનો હક માને છે. તેમણે કહ્યું કે, ૫૫ વર્ષ પર મારા ૫૫ મહિનાઓ ભારે પડી રહ્યા છે. સાડા ચાર વર્ષમાં



આ સરકારની ઓળખ ઈમાનદારી અને પારદર્શિતા,વિપક્ષનો વિરોધ કરવો જરૂરી,મોદી તરફ આંગળી ચિંધતા પહેલા જરા વિચારી લેજો,બાકીની તમારા તરફ છે,ભારત અર્થવ્યવસ્થામાં વિશ્વમાં છઠ્ઠા ક્રમે છે

૧૦ કરોડથી વધારે શૌચાલયો બન્યા છે, દેશનાં ૧૦ કરોડ અમીરો માટે મે શૌચાલય બનાવવામાં આવ્યા છે, કારણ કે આ લોકો કહે છે કે મારી સરકાર અમીરો માટે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ૫૫ મહિનામાં અમે ૧૩ કરોડ ગેસ કનેક્શન આપવાનું કામ કર્યું છે. ૧૮ હજાર ગામમાં વિજળી પહોંચવાનાં કારણે તમને સમસ્યા થાય છે, હવે ૧૦૦ કરોડ લોકોની પાસે બેંક ખાતા છે, જે કામ આઝાદીનાં ૨૦ વર્ષોમાં થવું જોઈતું હતું તે મારે પુર્ણ કરવું પડ્યું.

કોંગ્રેસ પર હુમલો કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ચૂંટણી પંચને અપમાનિત કરવાનું કામ કરવામાં આવ્યું. મહાભિયોગનાં નામે ડરાવવાનું કામ કોંગ્રેસે કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસે ચુંટાયેલી સરકારને બર્ખાસ્ત કરવાનું કામ કર્યું. કોંગ્રેસને સંસ્થાઓનું માન-સન્માનની વાત કરવી જોઈએ. તેમણે કહ્યું કે, કેબિનેટનાં નિર્ણયને પ્રેસ કોન્ફરન્સમાં જઈને ફાડવામાં આવ્યો. કૃપા કરીને મોદી તરફ આંગળી ચિંધતા પહેલા જરા વિચારી લેજો,બાકીની તમારા તરફ છે. ખડગેજી મુસીબતમાં ફસાયા છે અને દરેક વાતોનો વિરોધ કરી રહ્યા છે.

ખડગેનાં નિવેદન પર વળતો હુમલો કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જે બહાર બોલવામાં આવે છે તે જ અંદર બોલવામાં આવે છે, જેનો અર્થ થયો કે તે સિદ્ધ થઈ ગયું કે, કોંગ્રેસનાં લોકો બહાર અને અંદર અલગ અલગ બોલી રહ્યા હતા. કારણ કે તેઓ ખોટુ બોલે છે. તેમણે કહ્યું કે, ખોટું બોલીને તમારી આદત ખરાબ થઈ ચુકી છે. તમને સત્ય સાંભળવામાં સમસ્યા થાય છે. સંસ્થાઓને બરબાદ કરવાનાં આરોપ અંગે વડાપ્રધાને કહ્યું કે, ઉલ્ટા ચોર આજે કોતવાલને ડાંટે છે. સેનાને અપમાનિત કરી તમે, ઈમરજન્સી લગાવી તમે, સેના પ્રમુખને ગુંડા ગણાવ્યા તમે, સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવ્યા, તખ્તા પલટના સમાચારો બનાવ્યા, આ સેનાનું અપમાન છે.

રેપો રેટમાં ૬.૫૦થી ઘટાડી ૬.૨૫ કરતાં લોન સસ્તી થવાની શક્યતાઓ

RBIએ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યોઃ લોન સસ્તી થશે

ન્યુ દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપો રેટમાં ૦.૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે. આરબીઆઈએ રેપો રેટ ૬.૫૦ ટકાથી ઘટાડીને ૬.૨૫ ટકા કરી દીધો છે. રેપો રેટમાં ઘટાડો થવાથી હોમ લોન, પર્સનલ લોન, ઓટો લોન અથવા લઘુ ઉદ્યોગો માટે ઋણના દરોમાં પણ ઘટાડો થવાની શક્યતાઓ છે.

અત્યારે રેપો રેટ ૬.૫૦ ટકા છે જેને આરબીઆઈએ ઘટાડીને ૬.૨૫ ટકા કરી દીધો છે. રેપો રેટ પર જ આરબીઆઈ બેંકોને એક દિવસ માટે ઉધાર આપે છે. આ રેટમાં ઘટાડો થવાથી બેંકોનું દેવું સસ્તુ થાય છે. કેન્દ્રીય બેંકે ગત વર્ષે ત્રણ



મૌદ્રિક સમિતિ બેઠકમાં પોલિસી રેટ્સમાં કોઈ બદલાવ કર્યો નહોતો. આ પહેલા આ નાણાકિય વર્ષમાં બે વાર ૦.૨૫-૦.૨૫ ટકાની વૃદ્ધિ કરવામાં આવી હતી. ડિસેમ્બરની બેઠક બાદ આરબીઆઈએ કહ્યું હતું કે જો મોંઘવારીમાં તેજીનું જોખમ ન વધે તો આમાં ઘટાડો કરવામાં આવશે. આરબીઆઈએ વર્ષ ૨૦૧૯-૨૦ માટે જીડીપીનું અનુમાન ૭.૪ ટકા રાખ્યું છે. વર્ષ ૨૦૧૯-૨૦ના પહેલા છ મહિના માટે મોંઘવારી દરનું અનુમાન ૩.૨ થી ૩.૪ ટકા વચ્ચે રાખવામાં આવ્યું છે. વર્ષના ત્રીજા ત્રીમાસીક ગાળા માટે મોંઘવારી દરનું અનુમાન ૩.૯ ટકા રાખવામાં આવ્યું છે. જ્યારે ચોથા ત્રિમાસી સમય ગાળામાં મોંઘવારીનો દર ઘટીને ૨.૮ ટકા રહેવાનું અનુમાન છે.

મિશન-૨૦૧૯: આજે વડાપ્રધાન મોદીની છત્તીસગઢ,પ.બંગાળ અને આસામમાં રેલી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ૫ દિવસમાં ૧૦ રાજ્યોની મુલાકાત લેશે. ૫ રાજ્યોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાત લોકસભા ચૂંટણી અગાઉ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ રાજયની આ મુલાકાત દરમિયાન આસામમાં એક રાત્રિનું રોકાણ પણ કરવાના છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ગત સપ્તાહમાં પીએમ મોદીએ જમ્મૂ-કાશ્મીર અને પશ્ચિમ બંગાળની મુલાકાત લીધી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ ફેબ્રુઆરીએ ૩ રાજ્યોની મુલાકાત લેશે. છત્તીસગઢના રાયગઢમાં કોંડાતરઈમાં એક રેલીને સંબોધન કરશે. છત્તીસગઢમાં મળેલા પરાજય બાદ પીએમ મોદીનો પ્રથમ પ્રવાસ છે. ત્યારબાદ પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં રેલીને સંબોધન કરશે. પશ્ચિમ બંગાળથી પીએમ મોદી આસામમાં રાત્રિ રોકાણ કરશે.

૯ ફેબ્રુઆરીના રોજ પીએમ ગુવાહાટીમાં વિકાસ કાર્યોનું ઉધ્ઘાટન કરશે. બ્રહ્મપુત્રા નદી પર પુલ માટે આધારશિલાનો પથ્થર રાખશે. એમ્સનો શિલાન્યાસ તેમજ નવી ગેસ પાઈપલાઈનનું ઉધ્ઘાટન કરશે. આસામથી પીએમ મોદી અરુણાચલ પ્રદેશની મુલાકાતે પહોંચશે.

૧૦ ફેબ્રુઆરીના રોજ પીએમ મોદી તામિલનાડુની મુલાકાત કરશે જ્યાં તેઓ તિરુપુરમાં રેલી કરશે. જ્યાંથી પીએમ મોદી કર્ણાટકના હુબલીમાં એક અન્ય જનસભાને સંબોધન કરશે.

સુરક્ષાદળોએ નક્સલિઓ પાસેથી ૧૧ હથિયાર પણ જપ્ત કર્યા

સુરક્ષાદળોને મોટી સફળતાઃ છત્તીસગઢમાં ૧૦ નક્સલીઓને ઠાર કર્યા

બીજાપુર

છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાદળોને એક મોટી સફળતા હાથ લાગી છે. બીજાપુરમાં ગુરુવારે ૧૦ નક્સલિઓને ઢેર કરવામાં આવ્યા છે. સ્પેશ્યિસ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ્સે મળીને સંયુક્ત ઓપરેશન દ્વારા નક્સલિઓનો ખાત્મો બોલાવ્યો હતો. સુરક્ષાદળોએ નક્સલિઓ પાસેથી ૧૧ હથિયાર પણ જપ્ત કર્યા છે. આ જાણકરી બીજાપુરના એસપી મોહિત ગર્ગે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુરુવારે એસટીએફ અને ડીઆરજીએ મળીને ૧૦ નક્સલિઓને ઢેર કર્યા છે. તેમની પાસેથી ૧૧ હથિયાર મળી આવ્યા હતા જેને જપ્ત કરવામાં આવ્યા છે. અગાઉ સુકમા જિલ્લામાં શનિવારે સુરક્ષાદળો અને નક્સલિઓ વચ્ચે અથડામણ સર્જાઈ હતી.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફ્રિક્સ જાહેરાત

રૂપિયા ૫૧૦૦/- (+ટેક્સ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

આપના બંધ પડેલ જીપીએસ ફક્ત ૫૦૦ રૂપિયામાં ચાલુ કરી આપવામાં આવશે.

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : ૭૫૭૫૦૦૬૮૪૭

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECTINDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને ઈચ્છુક નોકરી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની જોડાવા તમને મેસેજ આપના ઇમરજન્સી પેકમાંથી

(PLAN - A) ત્રણીના ૫૫૦/- (એકદો જોડવી ફરજી) આપને કોઇ પણ વર્ષ સુધી તેનુ કરી શકશે. પેના માટે આપે ત્રણવાર્ષમાં ૫૦૦/- ભરવાના રહેશે.

(PLAN - B) ફ્રીજ આ વર્ષ માટે ૩૦૦૦/- (એકદો જોડવી ફરજી) આપને કોઇ ફ્રીજ આ વર્ષ માટે તેનુ કરી શકશે. આપે કોઇ વર્ષ માટે મેમ્બર પ્લેટિનમ ક્રિસ્ટલ (GPS) ફ્રી મેળવો પેના માટે આપે ત્રણવાર્ષમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપને કોઇ તેનુ કરી ફ્રજો ઇમરજન્સી તક ગણવી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

હળવદમાં વકરતી ટ્રાફિક સમસ્યાથી લોકોને પારાવાર મુશ્કેલીઓ

ઠેરઠેર દબાણો ખડકી દેતા વાહનચાલકો અને રાહદારીઓને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે

હળવદ તાલુકાની છેલ્લા કેટલાક સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તથા ટ્રાફિક સમસ્યા બાબતે અનેક વાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી નિકાલ નથી આવ્યો હળવદ મેન બજાર ,સરાચોકડી ,રેલવે સ્ટેશન રોડ ટ્રાફિક સમસ્યાઓ સર્જાય છે છતાં પણ હળવદ પોલીસ દ્વારા નજારો જોઇ રહી છે કોઈ પગલાં ન ભરાતા લોકોને પારાવાર મુશ્કેલી પડે છે ખાસ કરીને શહેરમાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા તંત્રને કોઇ રસ નથી તેઓ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક સમસ્યા ગંભીર પ્રકારની સમસ્યા સર્જી છે ટ્રાફિક પોલીસના ટ્રાફિક સમસ્યા વકરી છે અનેકવાર ટ્રાફિકના જામ ના દશ્યો સર્જાય છે જેના કારણે નગરજનો તથા વેપારીઓ ભારે મુસીબતમાં મુકાઈ જાય છે ટ્રાફિકના નિયમોની આડેધડ પાર્ક કરાતા ભારે મુશ્કેલી વેઠવી પડે છે ટ્રાફિક સમસ્યા હલ કરવા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવે તેવી માગણી ઉઠવા પામી છે, હળવદ માં છેલ્લા કેટલાક સમયથી ધાંગધ્રા દરવાજા થી શરૂ થતી મુખ્ય બજાર એકદમ સાકડી હોવાથી તેમાં આડેધડ વાહનો અને પાર્કિંગ ના કારણે ટ્રાફિક ના નિયમો નહિ લદાતા રાહદારીઓ તથા વેપારીઓ માટે શીરદદસમાન બની ગયો છે જેના કારણે લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે રેલ્વે સ્ટેશન રોડ પર ધોળા દીવસે રોડ પર મનફાવે તેમ રોડપર વાહન આડેધડ પાર્ક કરી ને જતા રહેતા ભારે ટ્રાફિક સમસ્યા સર્જાય છે તો તાત્કાલિક ધોરણે પોલીસ દ્વારા ટાફિક સમસ્યા હલ કરવા આવે તે વી હળવદ વાસીઓમાં માંગણી ઉઠવાપામી છે .

લાખ્ખોના ખર્ચે વિવિધ વિસ્તારોમાં મુકાયેલ કચરા પેટી તુટેલી હાલતમાં



ભાવનગર મહાનગરપાલિકાના દ્વારા શહેરને સ્વરછ બનાવવા પાછળ દર મહિને લાખ્ખો રુપિયાનો ખર્ચો કરવામાં આવી રહ્યો છે ત્યારે ભાવનગર શહેરમાં મનપા દ્વારા થોડા સમય પૂર્વે જ લાખ્ખો રુપિયાના ખર્ચે વિવિધ વિસ્તારોમાં બે ડસ્ટબીનો મુકવામાં આવ્યા હતા સુકો કચરો તેમજ ભીના કચરા માટે બે ડસ્ટબીનો મૂકવામાં આવ્યા હતા જે ડસ્ટબીનો અત્યારે તુટેલી હાલતમાં જોવા મળી રહ્યાં છે તેમજ આ ડસ્ટબીનો નાના હોવાથી તરતજ ભરાઈ જાયછે ડસ્ટબીન ભરાઈ જતા આસપાસ કચરો તેમજ ગંદકી જોવા મળી રહી છે તંત્ર દ્વારા કરવામાં આવેલ લાખ્ખો રુપિયાના ખર્ચા બાદ પણ શહેરને સ્વરછ બનાવવામાં મનપાનું તંત્ર નિષ્ફળ નીવડયુ છે તેવી વાતોનો વંટોળ લોકોમાં વહેતો થયો છે.

માલધારી પિતાના પુત્રએ નેશનલ સ્પર્ધામાં કર્યું ગુજરાતનુ પ્રતિનિધિત્વ

ગેલાભાઈ ગોલતરે દિલ્હીમાં જુડો સ્પર્ધામાં ભાગ લીધો



કદમ અસ્થિર હોય જેના તેને રસ્તો કદી જડતો નથી અને અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી ઉક્તિને સાર્થક કરતો કિસ્સો જોવા મળ્યો છે જેમાં હળવદના સામાન્ય એવા માલધારી પરિવારના યુવાને નેશનલ સ્પર્ધામાં ગુજરાતનું અને મોરબી જીલ્લાનું પ્રતિનિધિત્વ કરીને મોરબી જીલ્લા અને માલધારી પરિવારને ગૌરવ અપાવ્યું છે

હળવદની તક્ષશિલા વિધાલયમાં ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા ગોલતર ગેલાભાઈ લખમણભાઈ નામના યુવાને તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ કક્ષાની જુદો સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું જે સિદ્ધિ બદલ પ્રજાસત્તાક પર્વ નિમિતે જીલ્લા કક્ષાની ઉજવણી પ્રસંગે નેશનલ કક્ષાએ જુડો રમી મોરબી જિલ્લાને ગૌરવ અપાવતા જીલ્લા કલેકટરના હસ્તે વિશિષ્ટ સન્માન એનાયત કરવામાં આવ્યું છે

નડિયાદ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની જુડો સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીને ગોલતર ગેલાભાઈએ તક્ષશિલા વિધાલય અને ગોલતર પરિવાર સાથે હળવદ પંથકને ગૌરવ અપાવ્યું છે હળવદના નાના એવા મંગળપુર ગામના રહેવાસી ગેલાભાઈ ગોલતર સામાન્ય પરિવારમાંથી આવે છે જેના પિતા ઘેટા બકરા ચરાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે તો માતા ચુલા પર રસોઈ બનાવીને ગૃહિણી જીવન જીવી રહ્યા છે કાચા મકાનમાં રહીને ઉછરેલા યુવાને સ્વમ મોટા જોયા હોય અને તેને પૂર્ણ કરવા અથાગ પ્રયત્નો કર્યા હોય જેના ફળસ્વરૂપે આજે તેને નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લઈને પરિવારને ગૌરવ અપાવ્યું છે

ગોલતર ગેલા તક્ષશિલા વિધાલયમાં અભ્યાસ સાથે છેલ્લા ત્રણ વર્ષથી જુડોની પ્રેક્ટીસ કરે છે સાથે જ તનતોડ કસરત સાથે યોગ્ય માર્ગદર્શન મેળવીને સફળતા હાંસલ કરી છે શાળાના સ્પોર્ટ્સ ટીચર અને કોચ પુજાબેન ઓરાના માર્ગદર્શન હેઠળ ગોલતર ગેલાએ ગુજરાત રાજ્ય કક્ષાની સ્પર્ધામાં વિજેતા બનીને નેશનલ ગેમ્સમાં ભાગ લીધો હતો તેની આ સફળતાને પગલે શાળાના એમડી મહેશભાઈ પટેલ, સંચાલક રમેશભાઈ કૈલા, રોહિતભાઈ સીણોજીયા, શાળાના આચાર્ય અરવિંદભાઈ સોલંકી, મુકેશભાઈ અઘારાએ તેને અભિનંદન પાઠવી ઉતરોતર પ્રગતિ કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

શિષ્યવૃતિ પરીક્ષામાં શાળા નંબર-૪ હળવદ જિલ્લામાં ડંકો વગાડ્યો



મોરબી-હળવદ ગઈ કાલે NMMSની શિષ્યવૃતિ પરીક્ષાનું પરિણામ આવ્યું હતું જે કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે ધોરણ-૮ના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે લેવાય છે જેમાં કેન્દ્ર સરકાર દ્વારા એક બાળકને અડતાલીસ હજાર જેટલી શિષ્યવૃતિ આપવામાં આવે છે જેમાં સમગ્ર મોરબી જિલ્લામાં કુલ ૨૨૯૮ બાળકોએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૨૨૩ બાળકો કવાલીફાઈ થયા હતા જેમાંથી ૮૩ બાળકો મેરિટમાં આવ્યા હતા. જેમાંથી ૪૧ બાળકો હળવદ તાલુકાના મેરીટ આવેલ છે જેમાંથી હળવદની શ્રી પે સે.શાળા નંબર-૪ના કુલ ૭ બાળકો મેરિટમાં આવ્યા હતા જે સમગ્ર જિલ્લામાં એક અનોખો રેકોર્ડ સર્જાયો હતો. જેમાં ૪ બાળકો જિલ્લા અને ૬ બાળકો તાલુકાનાના ટોપ ટેનમાં સમાવેશ પામેલ છે. જેમાં પૂજા રતિલાલ સોનગ્રા અને માનસી દિનેશભાઈ ચાવડાએ સમગ્ર જિલ્લામાં સાતમો ક્રમ અને હળવદ તાલુકામાં બીજો ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત ભાર્ગવી મહેન્દ્રભાઈ જાગાણી તાલુકામાં તૃતીય, પ્રવીણા કાનજીભાઈ કણઝરીયાએ તાલુકામાં ચોથો,ઠક્કર ખ્યાતિ ધર્મેશભાઈએ તાલુકામાં નવમો, મહેતા પૂર્ણાશ ભાનુપ્રસાદે દસમો અને ગોદાવરિયા પ્રિયા કામલેશભાઈએ બારમો ક્રમ મેળવ્યો હતો ખરાઅર્થમાં શૈક્ષણિક ઉપલબ્ધીઓ મેળવા બદલ શાળા પરિવાર હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે.

સાકરપાતળ અને સુબિરની વિદ્યાર્થીનીઓએ કરાટેમાં મેળવ્યા મેડલ

રાજ્ય કક્ષાની ચેમ્પિયનસીપમાં ડાંગ જિલ્લાનું ગૌરવ

નવસારી

ડાંગ જિલ્લાના સાકરપાતળ સ્થિત સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા સહિત સુબિરની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓએ કરાટેની રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા સાથે ચંદ્રકો મેળવીને ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

ગત તા.૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન આણંદ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની કરાટે ચેમ્પિયનશીપમાં ભાગ લઈને ડાંગની દિકરીઓએ બે ગોલ્ડ મેડલ સહિત બે સીલ્વર મેડલ અને બે બ્રોન્ઝ મેડલ મેળવીને તેમની ક્ષમતાનો પરિચય આપ્યો છે. કરાટે એસોસિએશન-આણંદ દ્વારા આયોજિત આ કોમ્પિટિશન જુદા જુદા કલર બેલ્ટ, અને વજનની કેટેગરીમાં આયોજિત કરવામાં આવી હતી. ડાંગ કરાટે એસોસિએશન સાથે સંકળાયેલી આ વિદ્યાર્થીનીઓની આ સફળતા બદલ ડાંગ જિલ્લાના કરાટે એસોસિએશનના ચેરમેન-વ-ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિત સહિત પ્રેસિડેન્ટ શ્રી નવજીભાઈ ભોયે, જોઇન્ટ સેક્રેટરી શ્રી હરીરામ સાવંત, વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અર્જુનભાઇ સોરટીયા અને રાજેશભાઇ ગામીતે સહયોગ અને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું. ડાંગ કરાટે એસોસિએશનના ચીફ કોચ અને જનરલ સેક્રેટરી શ્રી પી.આર.દીપકકુમાર દ્વારા તાલીમબદ્ધ થયેલી આ વિદ્યાર્થીનીઓનું, તત્કાલિન ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમાર સહિતના જિલ્લાના મહાનુભાવો, અને ધારાસભ્ય શ્રી મંગળભાઇ ગાવિત દ્વારા, વઘઇ ખાતેના એક જાહેર કાર્યક્રમમાં પણ સન્માન કરાયુ હતું.

નર્મદા જિલ્લાનું શિક્ષણ સ્તર સુધારવા ૩ અધિકારીઓએ જિલ્લાની ૪૪૯ શાળાઓ દત્તક લીધી



નર્મદા જિલ્લા શિક્ષણાધિકારીએ ગરૂડેશ્વર તાલુકાની ૧૨૬, પ્રાથમિક શિક્ષણાધિકારીએ ડેડીયાપાડા તાલુકાની ૨૧૭ અને રાજપીપળા ડાયેટના પ્રાચાર્યએ સાગબારા તાલુકાની ૧૦૬ શાળાઓ દત્તક લીધી, આ તમામ શાળાઓના ૪૦ હજારથી વધુ વિધાર્થીઓની દરેક એક્ટિવિટી પર ખાસ ધ્યાન અપાશે

રાજપીપળા: છેલ્લા ઘણા વર્ષોથી ધો-૧૦ અને ૧૨ નું નર્મદા જિલ્લાનું પરિણામ ગુજરાતના અન્ય જિલ્લાઓ કરતા ખૂબ નબળું આવે છે.જોકે નર્મદા જિલ્લાની કથળી રહેલી શિક્ષણ ગુણવત્તાને સુધારવા વહીવટી તંત્ર સહિત સરકાર પણ ચિંતિત છે જ.પરંતુ ગુણોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ જેવા કાર્યક્રમ વખતો વખત થતા હોવા છતાં પરિણામ નબળું કેમ આવે છે એ એક ચિંતાનો વિષય છે. તો નર્મદા જિલ્લાનું શિક્ષણ સ્તર સુધારવા અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજળું બનાવવા માટે નર્મદા જિલ્લાના શિક્ષણ ખાતાના ૩ અધિકારીઓએ બીડુ ઝડપ્યું છે અને ૩ તાલુકા દત્તક લીધા છે.

નર્મદા જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.એન.ડી. પટેલે ગરૂડેશ્વર તાલુકાની ૧૨૬ શાળાઓ,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.ડી. બારીઆએ ડેડીયાપાડા તાલુકાની ૨૧૭ શાળાઓ અને રાજપીપળા ડાયેટના પ્રાચાર્ય એમ.જી. શેખે સાગબારા તાલુકાની ૧૦૬ શાળાઓ દત્તક લીધી છે.આ તમામ શાળાઓના ધો-૧ થી ૮ ના કુલ ૪૩૭૬૧ વિદ્યાર્થીઓને હાલની તારીખમાં ૧૮૩૫ શિક્ષકો અભ્યાસ કરાવી રહ્યા છે.હવે પછી આ તમામ વિદ્યાર્થીઓને શિક્ષકોએ કેવુ ભણાવ્યું અને વિદ્યાર્થીઓ એમની પાસેથી કેટલું શીખ્યા એ તમામ મામલે ૨જે ૨જની માહિતી પણ લેવામાં આવશે.

આ મામલે નર્મદા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.ડી.બારીઆએ જણાવ્યું હતું કે જિલ્લાનું શિક્ષણસ્તર સુધારવાના અમારા પ્રયાસ છે.અમે અમારી કામગીરી ઉપરાંત દત્તક લીધેલી શાળાઓની કામગીરી પર વધુ ભાર મુકીશું. દત્તક લીધેલી શાળાઓમાં જે શાળાનું ગુણોત્સવમાં નબળું પરિણામ આવ્યું છે એનું વિશ્લેષણ કરીને એવી શાળાઓ પર વિશેષ ધ્યાન અપાશે.

શાળાના વિદ્યાર્થીઓની જો શાળામાં પૂરતી હાજરી નહિ હોય તો એમના વાલીઓને બોલાવી કારણ પૂછાશે. નિયત સમયમા વિદ્યાર્થીઓને જે અભ્યાસક્રમ ભણાવાયો છે એ મુજબ વિદ્યાર્થીઓએ કેટલું આવડે છે એની પર પણ ભાર મુકાશે.

ઢસા, ગઢડા, વલ્લભીપુર, વેળાવદરમાં

એ.ટી.એમ. પાસવર્ડનો ઊપયોગ કરી આશરે રૂ. ૭૫,૦૦,૦૦૦નુ ચીટીંગ કરનાર ઝડપાયો



ભાવનગર રેન્જ આઇ.જી.પી.શ્રી નરસિંમ્હા કોમાર સાહેબની સુચના અને માર્ગદર્શન મુજબ આર.આર.સેલ ભાવનગર ટીમને મળેલ બાતમી આધારે લોજીકેશન પ્રાઈવેટ લીમીટેડ કું.મા કસ્ટોડીયન તરીકે નોકરી કરતા કર્મચારીઓ એ તેઓના પાસવર્ડ દ્વારા એ.ટી.એમ. મશીનમાં આવેલ કેશ બોક્સમાં ચલણી નોટો મુકવાની કાયદેસર ફરજ દરમ્યાન (૧) ભરતભાઇ મોહનભાઈ રાઠોડ (૨) મુકેશભાઈ જીવાભાઈ ભરાડીયા રહે. બંન્ને બોટાદ,જુના રામજી મંદીર પાસે વાળાઓએ ગુનાહિત કાવત્રુ રચી પોતાના અંગત ફાયદાસારૂ છેલ્લા છમાસના સમય ગાળા દરમ્યાન પોતાના પાસવર્ડનો ગેર ઊપયોગ કરી (૧)ઢસા ગઢડા એસ.બી.આઈ ના એ.ટી.એમ. માંથી રૂ.૫૨,૯૫,૫૦૦/- (૨) કોર્પોરેશન બેંક વલ્લભીપુર ના એ.ટી.એમ.માંથી રૂ.૧૧,૧૪,૩૦૦/- (૩) વેળાવદર બેંક ઓફ ઈન્ડીયા એ.ટી.એમ.માંથી રૂ.૧૧,૦૦,૦૦૦/- એ રીતે અલગ અલગ સમયે રોકડ કાઢી વિશ્વાસઘાત કરતા ગુન્હા રજીસ્ટર થયેલ જેમા છેલ્લા બે માસથી બંન્ને ઈસમો નાસતા ફરતા હોય આજરોજ અટક કરી આગળની કાર્યવાહી માટે ઢસા પો.સ્ટે. સોંપી આપેલ છે.

રિદ્ધિ-સિદ્ધિ મિલનો સ્લેબ તૂટી પડવાની દુર્ઘટનામાં કોન્ટ્રાક્ટર સામે ગુનો દાખલ

સુરત

પાંડેસરા જીઆઈડીસી ખાતે આવેલ રિદ્ધિ સિદ્ધિ મિલમાં પાંચમાં માળનો સ્લેબ તૂટી પડતા બે મજૂરના થયેલા મૃત્યુની ઘટનામાં પાંડેસરા પોલીસે કોન્ટ્રાક્ટર વસંત બારીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પાંડેસરા પોલીસ સૂત્રોના જમાવ્યા મુજબ પાંડેસરા જીઆઈડીસી રિદ્ધિ સિદ્ધિ મિલનું જૂનું જર્જરીત બાંધકામ તોડતી વખતે સલેબ તૂટી પડ્યો હતો. આ ઘટનામાં કાટમાળ નીચે દબાઈ જતા બે મજૂરના મોત નીપજ્યા હતા. કોન્ટ્રાક્ટર વસંત બારીયાએ સેફ્ટીના સાધનો વગર જર્જરીત દિવાલને અડી પાલખ બાંધ મજૂરો પાસે કામ કરાવી બેદરકારી દાખવી હતી. પાંડેસરા પોલીસે મૃતકના ભત્રીજા વિજય નાથુભાઈ ગણાવાની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અઠવા ઝોને રૂા.૩૧.૩૮ લાખનો વેરો વસૂલ કર્યો

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૧૯ના મ્યુનિસિપલ મિલ્કતવેરાની ધનિષ્ઠ વસૂલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવા ઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે અલથાણ, ભીમરાડ, વેસુ, મગદલ્લા સરસાણા તથા ખજોદમાં આવેલ વિસ્તારમાં છેલ્લા બે દિવસમાં કુલ ૭૯ પ્રોપર્ટી મિલ્કતો સીલ કરેલ છે અને સ્થળ પર રૂા.૩૧,૩૮,૦૯૫ જેટલી મિલ્કતવેરાની વસૂલાત કરવામાં આવેલ છે.

ઓએનજી વડોદરામાં ૭૩૭ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાની જાહેરાત પ્રસિદ્ધ

તા.૧૨મી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિ:શુલ્ક માર્ગદર્શન સેમિનાર

સુરત

જિલ્લા રોજગાર કચેરી, સુરત તથા મોડલ કેરિયર સેન્ટર, સુરત દ્વારા રોજગારવાંચ્છુ યુવાનોને જણાવવામાં આવે છે કે, ઓ.એન.જી.સી.(O.N.G.C.), મકરપુરા રોડ, વડોદરા દ્વારા જુદી જુદી કુલ ૭૩૭ જગ્યાઓ માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ માટેની વેબસાઈટ www.ongcindia.com છે. ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા તા.૩૧/૦૧ થી તા.૨૦/૦૨/૨૦૧૯ છે. જેથી ભરતી માટે અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ ઉપરોક્ત વેબસાઈટ પર અરજી કરવા જણાવવામાં આવે છે. વધુ જાણકારી અને માર્ગદર્શન માટે મોડલ કેરિયર સેન્ટર, એ.વી.ટી.એસ. બિલ્ડીંગ, આઈ.ટી.આઈ. કેમ્પસ, મજૂરાગેટ ખાતે આગામી તા.૧૨મી ફેબ્રુ. ના રોજ સેમિનાર યોજાશે. સેમિનારમાં રોજગારવાંચ્છુ ઉમેદવારો નિ:શુલ્ક ભાગ લઈને માર્ગદર્શન મેળવી શકશે એમ રોજગાર કચેરીની યાદીમાં જણાવાયું છે.





સંક્ષિપ્ત સમાચાર

અડાજણમાંથી ૨૯ વર્ષીય નીતાબેન પાટીલ લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલિસના જણાવ્યાં અનુસાર તા.૨૮/૦૧/૨૦૧૯ ના રોજ ૧૦૨/બી, શાસ્વત રેસિડેન્સી, રાજકોર્નરની સામે, પાલગામ ખાતે રહેતા ૨૯ વર્ષીય નીતાબેન જીતેશભાઈ પાટિલ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઉંચાઈ ૫.૧ ફૂટ છે. તેમણે શરીરે ક્રીમ કલરનું ટોપ તથા લાલ કલરની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

સરથાણામાં રહેતો પિયુષ વેકરીયા નામનો યુવક ગુમ

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસનાં જણાવ્યાં અનુસાર તા.૨૬/૦૧/૨૦૧૯ ના રોજ ઘર નં.૧૩૦૧, ૧૩મા માળે, ગોલ્ડ રેસિડેન્સી, વીટી સર્કલ, સરથાણા ખાતે રહેતા ૨૩ વર્ષીય પિયુષ ભગવાનભાઈ વેકરિયા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઉંચાઈ ૫.૧ ફૂટ છે. તેમણે શરીરે કાળા કલરનું ચેક્સવાળું શર્ટ તથા ખાખી કલરની પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા સરથાણા પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

લીંબાયતમાં રહેતા સદાનંદ યાદવ લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યાં અનુસાર, તા.૦૧/૦૨/૨૦૧૯ ના રોજ ઘર નં.૨૦૩, ઋષિનગર સોસા., ગોડાદરા, લિંબાયત ખાતે રહેતા ૧૪ વર્ષીય સદાનંદ મહાજનભાઈ યાદવ ગુમ થયા છે. તે શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઉંચાઈ ૪.૬ ફૂટ છે. તેણે વાદળી અને સફેદ કલરનો ચોકડીવાળો શર્ટ તથા વાદળી કલરની પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા લીંબાયત પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

સરથાણામાં રહેતા પ્રિયાબેન હિંગુ ગુમ

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યાં અનુસાર, તા.૩૧/૦૧/૨૦૧૯ ના રોજ ૧૩, દેવીકૃપા સોસાયટી, વિ-૨, શ્યામધામ ચોક, (મૂળ ગામ: માળીલા, જી. અમરેલી) ખાતે રહેતા પરશોત્તમભાઈ બાવચંદભાઈ હિંગુની ૨૦ વર્ષીય પુત્રી પ્રિયાબેન હિંગુ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઉંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે શરીરે કેસરી કલરની કુર્તી તથા બ્લ્યુ કલરની લેગિઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા સરથાણા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કાપોદ્રામાંથી જલ્પાબેન રાછડીયા એકાએક ગુમ

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યાં અનુસાર, તા.૩૦/૦૧/૨૦૧૯ ના રોજ ૧૦૯, ગોકુલનગર, કાપોદ્રા ખાતે રહેતા ૨૧ વર્ષીય જલ્પાબેન દિલીપભાઈ રાછડિયા ગુમ થયા છે. તે શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઉંચાઈ ૬.૦ ફૂટ છે. તેણે ગુલાબી કલરની કુર્તી તથા લીલા પોપટી કલરની લેગીઝ પહેરેલી છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ડિંડોલીમાં રહેતા માધુરી બોરસે લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યાં અનુસાર, તા.૨૪/૦૧/૨૦૧૯ ના રોજ ઘર નં/૧૧, ગોવર્ધન નગર, વિ-૨, નવાગામ ડિંડોલીના રોડ, ખાતે રહેતા માધુરી સંતોષ પુંડલિક બોરસે (પાટિલ) ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઉંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે શરીરે ગુલાબી કલરની જેકેટ તથા જાંબલી કલરનો નાઈટ ડ્રેસ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા ડીંડોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

૨.૪૦ લાખની ઠગાઈ કરાતા સાડીના વેપારી સામે ફરિયાદ

ટૂંક સમયમાં માલનું પેમેન્ટ કરવાનો વાયદો કરી છેતરપિંડી

સુરત

જીઆવ ગામના વેપારીએ ઉધારમાં સાડીનો જથ્થો લઈ પેમેન્ટ નહીં કરી વિશ્વાસઘાત-છેતરપિંડી બનાવ પ્રકાશમાં આવ્યો છે. ફરિયાદીએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી માહિતી અનુસાર જીઆવ ગામના વેપારીએ ઉધારમાં રૂા. ૨.૪૦ લાખની સિટી ખરીદી પેમેન્ટ નહીં ચૂકવતાં પોલીસ ફરિયાદ થઈ હતી. સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિટી લાઈટ ઓપેરા હાઉસમાં રહેતા અંકિત શેયરકુમાર અગ્રવાલ પાસેથી અમરોલી રામશંકર ઈન્દ્રજીતે રૂા. ૨.૪૦ લાખની સાડીનો જથ્થો ખરીધ્યો હતો ટૂંક સમયમાં પેમેન્ટનો વાયદો કર્યા બાદ પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા, પોલીસે વેપારી અંકિત અગ્રવાલની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સ્મીમેરમાં જાન્યુઆરી મહિનામાં ૫૬ હજાર આઉટડોર દર્દી નોંધાયા

સ્મીમેર હોસ્પિટલમાં માહે જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન ૫૦૬૯ ઈન્ડોર તથા ૫૬૨૦૭ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. ૨૭૫૭ નાના તથા ૯૨૪ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૧૨૦૭૮ એક્ષ-રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૮૫૫ અને જુના ૧૭૦૪ દર્દીઓ સહિત કુલ ૩૫૫૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૫૨૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૭૩૨ તથા આંખ વિભાગમાં ૩૬૦૭ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૮૨૫૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

૧૨ ફેબ્રુઆરીએ અટલ બિહારી વાજપેયીનું લાઈફ સાઈઝ પોટ્રેઈટ સંસદમાં મૂકાશે

ન્યુ દિલ્હી

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનું લાઈફ સાઈઝ પોટ્રેઈટ દેશની સંસદનાં સેન્ટ્રલ હોલમાં આવતા અઠવાડિયે (ફેબ્રુઆરી ૧૨) મૂકવામાં આવશે. વાજપેયીનાં પોટ્રેઈટનું અનાવરણ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ઉપરાષ્ટ્રપતિ વૈંકેયા નાયડુની ઉપસ્થિતિમાં કરાશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અન્ય મંત્રીઓ હાજરી આપશે.

ભારતીય જનતા પાર્ટીનાં દિગ્ગજ નેતા અટલ બિહારી વાજપેયી ૧૯૯૬માં પ્રથમ વખત ૧૩ દિવસ માટે વડાપ્રધાન રહ્યા હતા. આ પછી ૧૯૯૮ થી ૧૯૯૯માં ૧૩ મહિનાં માટે વડાપ્રધાન રહ્યા હતા અને ત્યારબાદ ૧૯૯૯થી ૨૦૦૪ સુધી ફૂલ ટર્મ ત્રીજી વખત વડાપ્રધાન રહ્યા હતા.

તેમનો જન્મ ડિસેમ્બર ૨૫, ૧૯૨૪માં મધ્યપ્રદેશનાં ગ્વાલિયરમાં થયો હતો. તેમનું દેહાવસાન ઓગષ્ટ ૧૬, ૨૦૧૮નાં રોજ થયુ હતુ. તેઓ ખુબ લાંબા સમયથી બિમાર હતા.

વાજપેયીનું લાઈફ સાઈઝ પોટ્રેઈટ સંસદમાં મૂકવા બાબતે લોકસભામાં અધ્યક્ષા સુમિત્રા મહાજનની અધ્યક્ષતા વાળી સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો.







તંત્રી સ્થાનેથી...

પરિવર્તનને સ્વીકાર કરો

પરિવર્તનને નિખાસ રીતે સ્વીકાર કરીને આગળ વધનાર વ્યક્તિ પોતાની લાઈફમાં સફળતા મેળવે છે. પરિવર્તન સ્વીકાર કરીને જીવનમાં સફળતા હાંસલ કરી શકાય છે. કોઈ વ્યક્તિએ સાચી જ વાત કરી છે કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ સંપૂર્ણપણે રોકાઈ જાય છે. પોતાને સમયની સાથે સતત બદલી નાંખવા માટેના પ્રયાસ કરવા જોઈએ. જેટલી ઝડપથી તમે પોતાને બદલશો તેટલી ઝડપથી વધુ સફળતા હાંસલ થશે. પરિવર્તન સૌથી મહત્વપૂર્ણ બાબત છે. મોટા ભાગના લોકો લાઈફમાં એટલા માટે નિષ્ફળ થઈ જાય છે કે તેઓ પોતાને બદલા માટે ઈચ્છુક હોતા નથી. સી નીલ સ્ટ્રેટ કહે છે કે પરિવર્તન લીક પર ચાલનાર વ્યક્તિ માટે સૌથી મોટી મુશ્કેલ બાબત અનેક હોય છે. કારણ કે વ્યક્તિ પોતાને એ સ્તર સુધી ઘટાડી લે છે જેના પર તે સરળતાથી ચાલી શકે છે. આવી વ્યક્તિ કોઈ પણ પડકાર અને નવી બાબતોને સ્વિકાર કરતા નથી. ભલે તેને પ્રગતિ મળતી હોય તો પણ તે નવી કોઈ બાબતને સ્વિકારશે નહી. કેટલાક લોકો તો ખાડામાં હોય છે. સાથે સાથે ખોદકામ કરતા રહે છે. તેઓ પોતાના કામના તરીકાને બદલતા નથી અને મુશ્કેલીમાં ફસાતા જાય છે. કેટલાક લોકો એવા હોય છે જે જિદ્દી વલણ પર આગળ વધે છે. તેઓ આગળ વધતા નથી. વક્તની આંધી આવા લોકોને બરબાદ કરી નાંખે છે. કેટલાક લોકો બદલી જવાના બદલે રોકાઈ જવાનુ પસંદ કરે છે. આવા લોકો પણ ક્યાય પહોંચી શકતા નથી. જો કોઈ વ્યક્તિ નવા નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ઈચ્છુક છે તો તેમને નવા નવા તરીકે સાથે કામ કરવાની જરૂર રહેશે. પરિવર્તન વગર કોઈ મોટી સફળતા મળી શકે તેમ નથી. બદલાવ સાથે જ સફળતા મળે છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો નવા તોર તરીકાને અપનાવીશુ નહી તો નવી નવી સમસ્યા આવતી રહેશે અને સમસ્યા વધારતી રહેશે. કેટલીક વખત સફળતા બિલકુલ નજીક હોય છે પરંતુ સફળતાના રસ્તા પર ચાલવાનો ઈન્કાર કરી દે છે. દુનિયામાં એ જ વ્યક્તિ સફળ થઈ છે જે પરિવર્તનને સ્વીકારે છે. એક પરિવર્તનની સાથે બીજા પરિવર્તનની રાહ તૈયાર થાય છે. અમને વિકાસની તક મળે છે. પરિવર્તનની ઈચ્છાને હમેંશા કાયમ રાખવામાં આવે તે જરૂરી છે. સફળતા હાંસલ કરવા માટે સતત મહેનત કરવામાં આવે તે જરૂરી છે. સતત પરિવર્તનના કારણે અમે બેચેન હોઈ શકીએ છીએ. જો કે પરિવર્તન ન થાય તો અમે ભયભીત થઈ જઈએ છીએ. જો વ્યક્તિ પોતાના સિદ્ધાંતો સાથે સમજુતી કર્યા વગર પરિસ્થિતી સાથે તાલમેળ બેસાડી લે છે તે વ્યક્તિ સફળતા હાંસલ કરે છે. પરિવર્તન ક્યારેય કોઈ એક દિવસમાં થતા નથી. પરિવર્તનના અર્થ લક્ષ્યને હાંસલ કરવા માટે યોગ્ય રસ્તાની શોધ કરવાનો હોય છે. આના માટે સતત મહેનત કરવાની જરૂર હોય છે. પરિવર્તન દરેક રીતે થાય તે જરૂરી છે. વ્યક્તિ પોતાના જીવન મુલ્યોમાં પરિવર્તન લાવે તે કોઈ પરિવર્તન નથી. આધુનિક સમયમાં ચારેબાજુ પડકારની સ્થિતી રહેલી છે. દરેક જગ્યાએ ગળા કાપ સ્પર્ધા ચાલી રહી છે. સારા લોકોની સાથે રહીને સારી બાબતો શિખવામાં આવે તે ખુબ જરૂરી છે.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાને બદલવાનુ બંધ કરી દે છે ત્યારે તેની પ્રગતિ અટકી પડે છે

બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન જરૂરી છે



બંગાળમાં સીબીઆઈને કસ્ટડીમાં લઈ લેવામાં આવે છે તો સામાન્ય મતદારોની હાલત શુ હશે તે સરળ રીતે સમજી શકાય છે

પશ્ચિમ બંગાળમાં હાલમાં જે રાજકીય ઘટનાક્રમનો દોર ચાલી રહ્યો છે તેનાથી સામાન્ય વ્યક્તિમાં નારાજગી ફરી વળે તે સ્વાભાવિક છે. કોઈ પણ ભારતીય વ્યક્તિ એક બાબત તો સરળ રીતે સમજી શકે છે કે મમતા બેનર્જી ખુબ અયોગ્ય રીતે કામ કરી રહ્યા છે. ભાજપના લોકોને રાજયમાં પ્રચાર કરવાથી રોકવાના બનતા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.હવે જાણકાર લોકો કહે છે કે બંગાળમાં લોકસભા ચૂંટણી રાષ્ટ્રપતિ શાસન હેઠળ યોજવામાં આવે તે જરૂરી છે. કારણ કે બંગાળમાં ભારે અંધાધુંધી છે. બંગાળમાં મમતાના શાસનમાં નિષ્પક્ષ ચૂંટણી મુશ્કેલ દેખાઈ રહ છે. કારણ કે ભારે હિંસા પંચાયત ચૂંટણી દરમિયાન થઈ હતી. બંગાળમાં વર્ષ ૧૯૭૭થી જ શાસનપક્ષ તરફથી ગુંડાગીરી ચાલી રહી છે. ૨૦મી મે ૨૦૧૧ના દિવસે જયારે સામ્યવાદીઓના શાસનનો અંત આવ્યો ત્યારે પણ કેટલાક લોકો કહી રહ્યા હતા કે આનાથી કોઈ ફાયદો થશે નહીં. કારણ કે મમતા બેનર્જી અને સામ્યવાદીઓ વચ્ચે કામ કરવાની રીતમાં કોઈ અંતર નથી. એ વખતે પણ અનેક લોકો કહેતા હતા કે મમતાના જયજયકારની કોઈ જરૂર નથી. આજે બંગાળમાં મમતાના શાસનને આઠ વર્ષ થયા છે. ત્યા દિન પ્રતિદિન વિપક્ષી સમર્થિત મતદારોને શ્વાસ લેવામાં પણ તકલીફ પડી રહી છે. બંગાળમાં હવે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની જરૂર દેખાઈ રહી છે. બંગાળમાં લોકશાહી દમ તોડી રહી છે.કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં કોની રાહ જોઈ રહી છે તે બાબત સમજાતી નથી. હવે તો સીબીઆઈની ટીમને જ પકડીને કસ્ટડીમાં મુકી દેવામાં આવી છે. જો સીબીઆઈની સાથે આવુ થઈ શકે છે તો સામાન્ય મતદારોની હાલત શુ હશે તે સમજી શકાય છે. કારણ કે તેઓ તો પાર્ટીના ધ્વજ પણ લગાવી શકે નહીં. કારણ કે આવુ કરવાની સ્થિતીમાં હુમલો થવાનો ખતરો છે. ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને રોકવામાં આવ્યા હતા. આનાથી ઓછુ હોય છે તેમ હવે સીબીઆઈને લઈને મમતા બેનર્જી જે પ્રકારનુ વલણ અપનાવી રહ્યા છે તેને લઈને દેશના લોકો ભારે નારાજ છે. હવે સામાન્ય લોકોની પણ એવી સાફ પ્રતિક્રિયા છે કે મમતા બેનર્જીની સરકારને બરખાસ્ત કરીને રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે રાજયમાં બંધારણીય વ્યવસ્થા ભાંગી પડી છે. મમતા બેનર્જી હવે નવેસરથી વિવાદમાં છે. કારણ કે સીબીઆઈની ટીમ હાલમાં જયારે કોલકત્તાના પોલીસ કમીશનર રાજીવ કુમારની પુછપરછ કરવા માટે પહોંચી ત્યારે પોલીસે બળજબરીપૂર્વક સીબીઆઈની ટીમને રોકી હતી અને તેમની સાથે ખરાબ વર્તન કરીને અધિકારીઓને કસ્ટડીમાં લઇ લેવામાં આવ્યા હતા. અહીંથી સીબીઆઈ અને મમતા બેનર્જી વચ્ચે ખેંચતાણની શરૂઆત થઈ હતી. મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. કોર્ટે કઠોર વલણ અપનાવને કેટલાક સ્પષ્ટ આદેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે શારદા ચીટ ફંડ કૌભાંડમાં પુછપરછ કરવા માટે કોલકાતા પોલીસ કમિશનર રાજીવ કુમારને સીબીઆઈની સામે ઉપસ્થિત થવા માટે સ્પષ્ટ આદેશ કરી દીધો છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આને લઈને વાંધો ઉઠાવી રહ્યા હતા પરંતુ સુપ્રીમ કોર્ટે રાજીવ કુમારને સીબીઆઈ સમક્ષ ઉપસ્થિત થવા સ્પષ્ટ સૂચના આપી છે. કોર્ટે રાજીવને બંગાળની બહાર શિલોંગમાં સીબીઆઈ સમક્ષ ઉપસ્થિત થવા માટે આદેશ કર્યો છે. કોર્ટે રાજયના મુખ્ય સચિવ, ડીજીપી,કોલકાતાના પોલીસ કમિશનરને સીબીઆઈની માનહાનિ અરજી પર નોટિસ ફટકારી છે. મામલાની સુનાવણી ૨૦મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં દલીલબાજી દરમિયાન સીબીઆઈ તરફથી ઉપસ્થિત થયેલા એટર્ની જનરલ કેકે વેણુગોપાલે એસઆઈટી દ્વારા પુરાવા સાથે ચેડા કરવામાં આવ્યા હોવાનો દાવો કર્યો હતો. વેણુગોપાલે એમ પણ કહ્યુ હતુ કે મામલાની તપાસ યોગ્યરીતે કરવામાં આવી નથી. બંગાળમાં બંધારણીય સંસ્થાઓ ભાંગી પડી હોવાની પણ વાત કરવામાં આવી હતી. શારદા અને રોઝવેલી કૌભાંડના મામલામાં તપાસને લઈને સીબીઆઈ અને પશ્ચિમ બંગાળ સરકાર આમને સામને આવી ચુકી છે.

બંગાળમાં આગામી દિવસોમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ વધારે તીવ્ર બની શકે છે. ભાજપના લોકો અને કાર્યકરો આ માંગ સાથે કેમ દેખાવ કરતા નથી તે પણ બાબત ગળે ઉતરતી નથી. બંગાળમાં મમતાના નેતૃત્વમાં નિષ્પક્ષ મતદાન થઈ શકે તેમ નથી. આવી સ્થિતીમાં કેન્દ્ર સરકાર હવે પદ ઁચની છાતી બતાવી કઠોર વલણ અપનાવે તે જરૂરી છે.

કસરતથી ફેટ દુર થાય છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનિટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનિટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે. વૈજ્ઞાનિકોએ નવા અભ્યાસમાં કહ્યું છે કે સ્થૂળતાને ઘટાડવા માટે જીમમાં કલાકો સુધી ગાળવાની કોઈ જરૂર નથી. એક સમાહમાં માત્ર ત્રણ મિનિટ કસરત કરીને પણ વજન ઉતારી શકાય છે. વજન ઉતારવા અને સ્થૂળતાને ઘટાડવા માટે નવી પેઢી જુદા જુદા તરીકાઓ અપનાવે છે પરંતુ આધુનિક સમયની લાઈફ સ્ટાઈલના કારણે આ બાબત શક્ય બનતી નથી. આવી સ્થિતિમાં સ્થૂળ અને વધુ વજન ધરાવતા લોકો વારંવાર તબીબોની સલાહ લેતા હોય છે. મોટાભાગના લોકો જીમમાં વધારે સમય ગાળે છે પરંતુ નવા અભ્યાસ મુજબ માત્ર ત્રણ મિનીટની કસરત પણ વજન ઉતારવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ફેટને બર્ન કરવામાં ત્રણ મિનીટની કસરત પૂરતી સાબિત થઈ શકે છે. આ ટૂંકાગાળાની કસરતને એક અલગ જ નામ વૈજ્ઞાનિકો આપી રહ્યા છે. બ્રિટનની નોટિંગમ યુનિવર્સિટીએ કહ્યું છે કે એક સમાહમાં માત્ર ત્રણ મિનીટની કસરત પણ ફેટને બર્ન કરવામાં ખૂબ જ અસરકારક છે. દરરોજ વર્કઆઉટ કરવાના બદલે વ્યસ્ત લોકો સમાહમાં એક વખત ત્રણ મિનિટની કસરત કરે તો પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે શારીરિક કસરત શરીરમાં સ્નાયુને મજબૂત કરવામાં જ ભૂમિકા અદા કરતી નથી પરંતુ લોહીના સર્ક્યુલેશનને વધારવામાં અને સુધારવામાં પણ તેની ભૂમિકા છે. આનાથી ફિટનેશ જાળવી રાખવામાં મદદ મળે છે. તીવ્ર કસરત કરતી વેળા શરીરમાંથી એવા હાર્મોન રિલીઝ થાય છે જેનાથી ફેટ ઘટે છે. પરંપરાગત કસરત પણ શરીર માટે ઉપયોગી રહેલી છે. નવા અભ્યાસમાં ત્રણ મિનિટની કસરત ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

વૈશ્વિક સ્તર પર આઈટી ક્ષેત્રમાં ભારતની વિશ્વસનીયતા વધી

બેંગલોર સિલિકોન વેલીને પછાડશે

આઈટીના ક્ષેત્રમાં રહેલા ભારતીય કુશળ લોકો વધુને વધુ સફળતા હાંસલ કરી રહ્યા છે જેથી વિશ્વમાં ભારતીયોની બોલબાલા વધી ગઈ



આઈટીના ક્ષેત્રમાં ભારત નવી શક્તિ તરીકે રોકેટ ગતિથી ઉભરી રહ્યુ છે. વર્ષોથી આ ક્ષેત્રમાં ભારતે જે પ્રભુત્વ જમાવ્યુ છે તે આજે પણ અકંધ છે. આઈટીના ક્ષેત્રમાં દેશમાં નવી નવી શક્યતાઓ દેખાઈ રહી છે. યુવાનોમાં આને લઈને અભૂતપૂર્વ ક્રેઝ જોવા મળી રહયો છે. જેના કારણે ભારત નવી શક્તિ તરીકે ઉભરે તે સ્વાભાવિક છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે વૈશ્વિક સ્તર પર આઈટી સેક્ટરમાં પ્રભુત્વ જમાવ્યુ છે. જે હજુ અકબંધ રહ્યુ છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે દેશ અને દુનિયાના દેશોમાં હાલમાં ચાલી રહેલી ગતિવિધી વચ્ચે પણ ભારતને આઉટસોર્સિંગને લઈને કોઈ ખતરો નથી. હાલના દિવસોમાં કરોડો લોકો હાલમાં સપાટી પર આવેલા ત્રણ નવા રિપોર્ટમાં ધ્યાન આપી રહયા છે. આ રિપોર્ટ ભારતીય આઈટી ક્ષેત્રના ગુલાબી ચિત્રને રજૂ કરે છે. આમાંથી સૌથી નવો હેવાલ વર્લ્ડ બેંકનો છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે જે રીતે અમેરિકાના શહેર સૈન જોન્સ સિલિકોન વેલીએ સમગ્ર દુનિયામાં સૌથી મોટા આઈટી હ તરીકે ઓળખ ઉભી કરી છે તેવી જ રીતે ભારત હવે આગામી પાંચ વર્ષમાં તેની અલગ ઓળખ આઈટી ક્ષેત્રમાં ઊી કરી લેશે. ભારત પોતાની નવી સિલિકોન વેલી બનાવવા માટે સક્ષમ છે. વૈશ્વિક સંગઠન મૈકેન્જીના નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે બેંગલોર વર્ષ ૨૦૨૦ સુધી સિલિકોન વેલીને પછડાટ આપીને પોતાની નવી ઓળખ ઉભી કરી લેશે.ેંગલોર ૨૦૨૦ સુધી દુનિયાના સૌથી મોટા આઈટી ક્લસ્ટર બની જશે. હાલના સમયમાં બેંગલોરમાં દુનિયાની ટોપની ૧૦૫ કંપનીઓના સાત લાખ લોકો પ્રોફેશનલરીતે કામ કરી રહ્યા છે. જાપાનના ઉદ્યોગ અને વેપારને પ્રોત્સાહન આપનાર સરકારી એજન્સી જાપાન વિદેશ વેપાર સંગઠને પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે જાપાનની નવી ઔદ્યોગિક અને કારોબારી જરૂરિયાતોને ધ્યાનમાં લઈને જાપાને આગામી બે વર્ષમાં ભારતમાંથી બે લાખ આઈટી નિષ્ણાંતોને પોતાના ત્યાં બોલાવશે. બે લાખ આઈટી પ્રોફેશનલોની પુર્તિ કરવા માટે જાપાને ખાસ યોજના ભારતને ધ્યાનમાં લઈને બનાવી છે. આવી સ્થિતીમાં ચોક્કસપણે ભારત આઈટીના ક્ષેત્રમાં નવી નવી સિદ્ધીઓ હાંસલ કરીને નવી શક્તિ તરીકે ઉભરતા દેશ તરીકે દેખાશે. આ રિપોર્ટ એવા સમયમાં આવી રહ્યા છે જ્યારે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર તથા બ્રિટન જેવા દેશો ભારતના આઈટી પ્રોફેશનલોને રોકવા માટે નિયમોમાં સુધારા કરી રહ્યા છે. જો કે તકલીફ આ દેશોને જ થનાર છે. આઈટી ક્ષેત્રમાં ભારતની નવી શક્યતા સ્પષ્ટ પણે દેખાઈ રહી છે. વૈશ્વિક સ્તર પર ભારતની ધાક અકંધ રહી છે. દેશ ને દુનિયાના નિષ્ણાંતો પણ નક્કરપણે માની રહ્યા છે કે આઉટસોર્સિંગની સામે કોઈ ખતરો નથી. દુનિયાના કોઈ પણ દેશ પોતાના ઉદ્યોગ કારોબારને ચલાવવા માટે ભારતના આઉટસોર્સિંગના ક્ષેત્રની અવગણના કરી શકે તેમ નથી. સંચારની મજબુત સ્થિતી હોવાના કારણે આ સ્થિતી સર્જાઈ ગઈ છે. હવે સમય એવો આવ્યો છે કે એવી સોફ્ટવેર એપ્લીકેશન તૈયાર કરવામાં આવે જે કોઈ અડચણ વગર સ્માર્ટ ફોનમાં ઉપયોગ કરી શકાય. ટેકનિકલ રીતે કુશળ લોકોને જાળવવાના પ્રયાસો ગંભીરતાથી કરવા પણ પડશે. આઈટી ક્ષેત્રમાં ભારતની કુચ સતત જારી રહી છે. જે હજુ રહેશે.

ભાવિ કેરિયર માટેનો માર્ગ

ઈન્ટર્નશીપથી ખુબ મોટો ફાયદો

ઈન્ટર્નશીપથી વધુ સરળ બની જાય છે

આધુનિક સમયમાં ઈન્ટર્નશીપ ભાવિ કેરિયરને સરળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો ઈન્ટર્નશીપનો સમય બચાવી લેવાના ચક્કરમાં કોલેજમાં ખોટા ઈન્ટર્નશીપ સર્ટિફિકેટ જમા કરી દે છે. આના કારણે આ વિદ્યાર્થીઓ માત્ર પોતાની સાથે જ વિશ્વાસઘાત કરતા નથી બલ્કે પોતાની કેરિયરને પણ નુકસાન કરે છે. આવા લોકો અને વિદ્યાર્થીઓને મોડેથી ઈન્ટર્નશીપનુ મહત્વ સમજાય છે. કેરિયર લાઈફમાં મોડેથી જ્યારે આ વાત સમજાય છે ત્યારે નુકસાન ખુબ મોટુ થઈ જાય છે. ઈન્ટર્નશીપ શુ છે અને કેમ કરવામાં આવે છે. આજકાળના સમમાં દરેક કોલેજમાં વર્ષના છેલ્લા સેમિસ્ટરમાં ઈન્ટર્નશીપ કરવા માટે કેમ કહેવામાં આવે છે આના કારણે અમારી લાઈફ અને અમારી કેરિયર પર કેવી અસર થાય છે તે બાબતના પ્રશ્નોના જવાબ તમામ લોકો અને ખાસ કરીને યુવાનોને સમજી લેવાની જરૂર છે. ઈન્ટર્નશીપ મારફતે વિદ્યાર્થીઓને પોતાની નબળાઈ અને કુશળતાને સારી રીતે અન્યોની વચ્ચે સમજી લેવામાં મદદ મળે છે. અસલ દુનિયાનો અનુભવ થાય છે. ઈન્ટર્નશીપ કરવાની બાબત કેરિયરને વ્યવસ્થિત બનાવવાની દિશામાં પ્રથમ મહત્વપૂર્ણ પગલુ હોઈ શકે છે. કારણ કે તે વ્યક્તિને પ્રોફેશનલ લાઈફની એક ઝલક બતાવે છે. યુવાનોને ઈન્ટર્નશીપ કરવા માટે કંપનીની પંસદગી કરતી વેળા ખુબ સાવધાની રાખવી જોઈએ. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી લાભ મળે છે. યોગ્ય કંપનીમાં ઈન્ટર્નશીપ કરવાથી આપને ભવિષ્યમાં કેરિયરની પસંદગી કરતી વેળા લાભ મળે છે. જો તમે યોગ્ય કંપનીમાં સામેલ થઈ જાઓ છો તો આ બાબતની સંભાવના વધી જાય છે કે આપને સારી નોકરી મળી શકે છે. જો કોઈ વ્યક્તિ ઈન્ટર્નશીપના ગાળામાં સૌથી વધારે શિખવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેના કારણે ખુબ મોટો ફાયદો મળી જાય છે. સામાન્ય રીતે આમારા લોકો પૈકી મોટા ભાગના લોકો એવા ક્ષેત્રમાં જાય છે જે અમારા સપના હોવાના બદલે અમારા માતા પિતા અને પરિવારના અન્ય સભ્યોના સપના હોય છે. જો કે સારી બાબત અને આદર્શ બાબત એ છે કે કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધતી વેળા કેરિયરને લઈને પોતે નિર્ણય કરવા જોઈએ. લોકો જે સલાહ આપે છે તે લેવામાં કોઈ વાંધો નથી પરંતુ એ વખતે પણ પોતાના મનની વાતને જ સમજી લેવામાં આવે તે જરૂરી છે. ઈન્ટર્નશીપ કરતી વેળા વિદ્યાર્થીને તક મળે છે કે વાસ્તવમાં બજારની દુનિયા શુ છે. અને શુ તે જગ્યા તેના ભવિષ્ય માટે યોગ્ય છે. ઈન્ટર્ન તરીકે કંપનીને જોઈન કરવાથી પ્રોફેશનલ માહોલમાં કામ કરવાની તક મળે છે. ઈન્ટર્ન તરીકે આપને માત્ર હાથમાં કોફી કપ લઈને જેમ તેમ ફરવાની તક મળતી નથી. બલ્કે આપને જીવનની વાસ્તવિક સ્થિતીની સામે આવવાની તક મળે છે. કેટલાક ઈન્ટર્નશીપના અવસર આપના કેરિયરને આધાર આપે છે. આપ પોતાના રસ અને મજા આવે તેવી કેરિયર સંભાવના મુજબ ઈન્ટર્નશીપની પસંદગી કરે તે જરૂરી છે. ઈન્ટર્નશીપથી આ અંદાજ લગાવવાની યોગ્યતા આવી જાય છે કે આ કામ એવુ છે જેમાં તે લાઈફમાં રહી શકે છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે ઈન્ટર્નશીપ કેટલાક રીતે ઉપયોગી બને છે. ઈન્ટર્નશીપ મારફતે આપને કોઈ કંપનીમાં પગ મુકવાની જગ્યા મળે છે. એક બાબતને હમેંશા ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ કંપની ઈન્ટર્નશીપને રિક્રુટમેન્ટ ટુલ તરીકે ઉપયોગ કરે છે. પ્રોફેશનલ દુનિયામાં આ શિખવા માટેની જરૂર છે કે પોતાને કઈ રીતે રજૂ કરવામાં આવનાર છે. કોઈ પણ કંપની પોતાની સાથે એવા લોકોને જોડવાનુ પસંદ કરે છે જે સારી રીતે કામ કરવાનુ જાણ ે છે. ઈન્ટર્નશીપમાં ઈવેન્ટમાં હાજરી આપવાની તક તો મળે છે સાથે સાથે પ્રોફેશનલ લોકોને મળીને નવા કનેકશન પણ બને છે. નેટવર્કિંગથી કેટલાક રેફરન્સ મળતા રહે છે. જે આવનાર પ્રોફેશનલ લાઈફમાં મદદરૂપ સાબિત થાય છે. જાણકાર લોકો એમ પણ કહે છે કે રેજ્યુમમાં ઈન્ટર્નશીપનો ઉલ્લેખ કરવાથી પણ ફાયદો થાય છે. અમારામાંથી મોટા ભાગના લોકો આ બાબતને પહેલાથી જ જાણે છે કે પરફોર્મન્સ જ પ્રોડક્ટ હોય છે. પહેલા કંપનીઓ આપના રિજ્યુમમાં જુએ છે કે આપની પાસે અનુભવ શુ છે. તમે પહેલા કોઈ કંપની સાથે જોડાયેલા હતા કે કેમ. જો તમે કોઈ કંપની સાથે જોડાયેલા રહી ચુક્યા છો તો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે. રેજ્યુમમાં ઈન્ટર્નશીપનો ઉલ્લેખ હમેંશા માટે કરવામાં આવે તે જરૂરી છે. જો તમે નાની વયથી પ્રોફેશનલ દુનિયાના તરીકાને શિખવાની શરૂઆત કરો છો તો સમયની સાથે તેમાં વધુ ફાયદો મળે છે. ઈન્ટર્નશીપ કેરિયર ફાઉન્ડેશન માટે ઉપયોગી છે.



રણબીર કપૂર-દીપિકા પાદુકોણ ફરીથી સાથે જોવા મળશે

મુંબઇ

દીપિકા પાદુકોણ અને રણબીર કપૂર વિશે ભલા કોણ નથી જાણતુ. એક સમય હતો જ્યારે બંને હંમેશા સાથે રહેતા હતા પરંતુ થોડા સમય પછી બંને વચ્ચે તિરાડ પડી ગઈ અને દીપિકાના જીવનમાં રણવીર સિંહની એન્ટ્રી થઈ ગઈ. રણવીર અને દીપિકાએ લગ્ન કરી લીધા અને હાલમાં બંને ઘણા ખુશ છે. ત્યારબાદ હવે સમાચાર આવી રહ્યા છે કે દીપિકા અને રણબીર ફરીથી તમને સ્ક્રીન પર જોવા મળવાના છે અને આ સમાચારે તહેલકો મચાવી દીધો છે. વાસ્તવમાં બંને કોઈ ફિલ્મ માટે નહિ પરંતુ એક બ્રાંડની એડ માટે ફરીથી એકવાર સાથે આવવાના છે. સમાચાર તો એ પણ આવ્યા છે કે આ બ્રાંડનું શૂટિંગ થવાનુ છે.

બ્રેકઅપ બાદ બંને ક્યારેય સાથે જોવા નથી મળ્યા પરંતુ હવે જો આમ થશે તો એ જોવાનુ ઘણુ રોમાંચક થવાનું છે. દીપિકાની વાત કરીએ તો હાલમાં જ તેના લગ્ન થયા છે અને ઘણી જગ્યાએ તેને રણવીર સાથે ફરતા જોવામાં આવી છે. રણબીર કપૂર હાલમાં આલિયા ભટ્ટ સાથે પોતાના રિલેશન માટે ઘણા વધુ ચર્ચામાં છે અને ઘણા સીરિયસ પણ છે. સૂત્રોની માનીએ તો બંનેના પરિવાર પણ આ બંનેથી ઘણા વધુ ખુશ છે અને બંનેના લગ્નનો વિચાર ચાલી રહ્યો છે.

તે સમયે દીપિકા પાદુકોણ અને રણબીર કપૂર બોલિવુડની સૌથી ચર્ચિત જોડીઓમાંની એક હતી. ઘણી જગ્યાઓએ બંને સાથે પણ જોવા મળતા હતા. બંનેને ઘણા મસ્તી કરતા પણ જોવા મળ્યા છે. બંનેએ ઘણી ફિલ્મોમાં પણ સાથે જોવા મળ્યા છે. તેમની ફિલ્મો લોકો ઘણી પસંદ કરતા હતા. બંને પોતાના રિલેશન માટે ઘણા વધી સીરિયસ હતા. ત્યાં સુધી કે દીપિકાએ પોતાની ગરદનમાં રણબીરના નામનું ટેટુ પણ બનાવી લીધુ હતુ. હાલમાં રણબીર કપૂર આલિયા ભટ્ટને ડેટ કરી રહ્યા છે અને ઘણા ચર્ચામાં છે. દીપિકા પાદુકોણે રણવીર સિંહ સાથે લગ્ન કરી લીધા છે અને એક સુંદર જીવન વિતાવી રહી છે.

રુસ્તમ-એ-હિંદ દારા સિંહ પર કોમિક બુક રિલીઝ થઈ, સુપરહીરો બનીને બાળકોને આપશે પ્રેરણા



નવીદિલ્હી

ભારતમાં આ સમયે કુશતીની રમત માટે અત્યાર સુધીનો સૌથી સારો સમય ચાલી રહ્યો છે. આ પહેલા ભારતીય કુશતીને આંતરરાષ્ટ્રીય ઓળખ અપાવનાર રુસ્તમ-એ-હિંદના નામથી જાણીતા દારાસિંહનું ખાસ યોગદાન રહ્યું છે. હવે દારા સિંહ પર એક કોમિક બુક રિલીઝ થઈ છે. દારા સિંહ પર કોમિક બુક ભારતના સ્ટાર પાવર લિફ્ટર ગૌરવ શર્મા અને બોલીવુડ અભિનેતા વિંદૂ દારા સિંહે સોમવારે રિલીઝ કરી હતી.

આ પુસ્તકનું નામ 'ધ એપિલ જર્ની ઓફ ધ ગ્રેટ દારા સિંહ' રાખવામાં આવ્યું છે. આ પુસ્તક વર્લ્ડ રેસલિંગ એન્ટરટેઈનમેન્ટમાં ભારતના પ્રથમ રેસલરના રૂપમાં ખાસ સિદ્ધિ મેળવનાર દારા સિંહના જીવનના સફર અને સંઘર્ષની કહાની જણાવશે. કોમિક બુકમાં દારા સિંહની ફેમસ કુશતી વિશે જણાવવામાં આવ્યું છે. ગૌરવે આ તકે કહ્યું, મને આશા છે કે તમામ ઉંમર વર્ગના લોકો તેને પસંદ કરશે. દારા સિંહ એક મહાન વ્યક્તિ હતા. હું તેમને એક વખત મળ્યો હતો ત્યારે તેમણે મને ફિટનેસને લઈને સલાહ આપી હતી.

ગૌરવે ૧૭ વર્ષની ઉંમરમાં પાવરલિફ્ટિંગની શરૂઆત કરી હતી. તેણે ગત વર્ષે યૂરોપિયન ચેમ્પિયનશિપમાં બે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતા. તેણે ૨૪૦ કિલોગ્રામ વજન ઉપાડીને નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો હતો. લેખક અનુસાર પુસ્તકની કહાની બેટમેન, સુપરમેન, કેપ્ટન અમેરિકા અને વન્ડર વુમનની આજુ-બાજુ ફરે છે જે વિશ્વને એક સારુ સ્થાન બનાવવા માટે પોતાની સારી અને અસાધારણ શક્તિઓનો ઉપયોગ કરી અમને પ્રોત્સાહન આપે છે. લેખકે કહ્યું કે, પુસ્તકમાં એક વાસ્તવિક માણસની કહાની છે જે પોતાના સમર્પણ અને કઠિન પરિશ્રમથી પોતાને ભારતન ગૌરવના રૂપમાં ઉભરે છે.

તેમણે કહ્યું, આ બહાદુરી અને ઈમાનદારીથી પડકાર પર વિજય મેળવવા, તેના પર શંકા કરનારને ખોટા સાબિત કરવા અને જરૂરીયાત લોકોના મદદની રજૂઆત કરવાની વાર્તા છે. આ દારા સિંહની વાર્તા છે. દારા સિંહના તેમના જીવનમાં લીધેલા બહાદુરીભર્યા અને દમદાર નિર્ણય આ વાર્તાને પ્રેરક બનાવે છે. લોન્ચ કાર્યક્રમ અહીં ઓક્સફોર્ડ બુક સ્ટોરમાં યોજાયો હતો.

કોમિક્સના લોન્ચિંગ પહેલા બિંદૂએ એક નિવેદનમાં કહ્યું, પુસ્તક મારા પિતા દારા સિંહને વાસ્તવિક જીવનમાં સુપરહીરોના રૂપમાં રજૂ કરશે જે એક વિશ્વ કુશતી ચેમ્પિયનશિપ અને દરેક માટે પ્રેરણા હતા. તેમણે કહ્યું હતું, આ પુસ્તકનો ઉદ્દેશ વિશ્વની સામે રુસ્તમ-એ-હિંદના છુપાયેલા પાસાઓને રજૂ કરવાનું છે. જેથી લોકોને રેસલિંગ રિંગની અંદર દારા સિંહની આક્રમક અને બહારની દુનિયામાં અનુશાસન અને વિનમ્ર વ્યવહાર જેવી વસ્તુ જાણવાની તક મળશે.

રણવીરસિંહે એકસાઈટમેંટમાં ભીડ પર છલાંગ મારતા પ્રશંસકો નારાજ

મુંબઈ

હાલના દિવસોમાં રણવીરસિંહ પોતાની અપકમિંગ ફિલ્મ ગલી બોયના પ્રમોશનમાં ખુબ વ્યસ્ત ચાલી રહ્યો છે જોયા અખ્તરની આ ફિલ્મમાં તેની સાથે આલિયા ભટ્ટ પણ નજરે પડનાર છે.ફિલ્મના ટ્રેલર અને ગીતોએ પહેલા જ દર્શકોના દિવસ જીતી લીધા છે. ફિલ્મની ટીમ પોતાની આગામી ફિલ્મને પ્રમોટ કરવામાં કોઇ રીતની કસમ છોડી રહી નથી. પ્રમોશનની પકડને મજબુત બનાવી રાખવા માટે રણવીરસિંહે મુંબઈમાં ચાલી રહેલ લકમે ફેશન વીકમાં પહોંચ્યો હતો જયાં તેણે ડિઝાઈનર માટે રૈંપ વોક પણ કર્યું હતું ત્યારે પોતાની હાઇ એનર્જી માટે જાણીતા રણવીરસિંહે કંઈક એવું કર્યું કે કે તેનાથી તેના પ્રશંસકો તેનાથી નારાજ થઈ ગયા હકીકતમાં આ દરમિયાન સિંહે સ્ટેજથી ભીડ પર છલાંગ લગાવી હતી જેને કારણે તેમના અનેક પ્રશંસા દબાઈ ગયા હતાં.ઘટના સ્થળે ભારે ભીડ હોવાને કારણે ત્યાં હાજર કેટલીક યુવકીઓને ઈજા પણ થઈ હતી તેની તસસવીર વાયરલ પણ થઈ રહી છે.રણબીરસિંહની સોશલ મીડિયા પર ખુબ ટીકા કરવામાં આવી હતી.

'રાઝ ૩'નો સેટ ડિઝાઈનર રજત પોદાર સ્ટારપ્લસના 'દિવ્ય દૃષ્ટિ'નો સેટ ડિઝાઈન કરશે

મુંબઈ



સ્ટારપ્લસ તેના આવનારા અનોખા શો 'દિવ્ય દૃષ્ટિ' થકી દર્શકોને ફરી એક વખત અવાચક કરી દેવા જઈ રહ્યો છે. 'દિવ્ય દૃષ્ટિ' બે બહેનોની વાર્તા છે, જેમને અલૌકિક શક્તિનું વરદાન મળ્યું હોય છે. જ્યાં દૃષ્ટિ ભવિષ્ય જોઈ શકે છે, ત્યાં જ દિવ્યા પાસે તેને બદલવાની અસાધારણ આવડત છે. આ શોમાં ચમકદાર કલાકાર વૃંદ છે જેમાં સાના સૈયદ, નાયરા બેનરજી અને સંગીતા ઘોષનો સમાવેશ થાય છે.

નિર્માણકર્તાઓએ આ શોને બેજોડ બનાવવા માટે કોઈ કસર બાકી નથી રાખી અને આથી જ તેમણે 'દિવ્ય દૃષ્ટિ'ના સેટ ડિઝાઈન કરવા માટે રજત પોદારને સમાવી લીધો છે. તે એક પ્રખ્યાત પ્રોડક્શન નિર્દેશક અને આર્ટ ડિઝાઈનર છે,તથા તેણે 'રાઝ ૩' અને 'બરફી' જેવી ખ્યાતનામ ફિલ્મો વડે મનોરંજન ઉદ્યોગમાં નામ કમાયું છું. પોતાના સચોટ કામ અને બારીકી ભરી ડિઝાઇનો માટે જાણીતો આ નિર્દેશક 'દિવ્ય દૃષ્ટિ' માટે કેવા સેટ તૈયાર કરે છે તે જોવા અમે અધીરા છીએ.

ભૂષણ કુમાર બેક ટૂ બેક ફિલ્મોની સાથે ૨૦૧૯માં રાજ કરવા માટે તૈયાર

મુંબઇ

વર્ષ ૨૦૧૯ ફિલ્મોથી ભરેલું વર્ષ જોવા મળી રહ્યું છે એકતરફ ભૂષણ કુમારની ટી-સીરીઝ રૂલ બ્રેકર્સ, બાટલા હાઉસ, ભારત, અર્જુન પટિયાલા, તાનાજી, દે દે પ્યાર દે, કબીર સિંહ, સેટેલાઇટ શંકર વગેરે જેવી ફિલ્મો સાથે મનોરંજન કરવા માટે તૈયાર છે. ટી-સીરીઝના બેનર હેઠળ, ભૂષણે આ વર્ષની શરૂઆતમાં ૨ મોટી ફિલ્મોની જાહેરાત સાથે ૨૦૧૯ની ધમાકેદાર શરૂઆત કરી છે.

ભૂષણ કુમારે પોતાના સોશિયલ મીડિયા પર શ્રદ્ધા કપૂર અને વરૂણ ધવન અભિનિત પોતાની આગામી ડાંસ ફ્રેંચાઈઝીનું શીર્ષક શેર કરતાં લખ્યું, " Happy and elated to present you the first look of our biggest dance film of the year!

This one's fro all the rule breakers.

#3IsComing this 8th November".

આ ઉપરાંત ફિલ્મ નિર્માતાએ તાજેતરમાં જ કાર્તિક આર્યન, ભૂમિ પેડનેકર અને અનન્યા પાંડે અભિનીત ''પતિ પત્ની ઔર વો' નામની એક નવી ફિલ્મની જાહેરાત કરી હતી.

પોતાના અંતિમ પ્રોજેક્ટમાં એકસાથે કામ કર્યા બાદ, ભૂષણ કુમારની ટી-સીરીઝે 'દિલબર' ગર્લ નોરા ફતેહીને પોતાની વિશિષ્ટ અભિનેત્રીના રૂપમાં સાઇન કરી લીધી છે. દિલબર (સત્યમેવ જયતે)ની સાથે રેકોર્ડ તોડ્યા બાદ, નોરા ફતેહીને હવે વિશેષ રૂપથી ટી-સીરીઝ દ્વારા તેમની નવી પ્રતિભાના રૂપમાં સાઇન કરવામાં આવી છે જે તેમના હોમ પ્રોડકંશન અને સંગીત વીડિયોમાં કામ કરશે. આ પ્રસિદ્ધ સ્ટૂડિયો પાસે પહેલાંથી જ પોતાના ઇન-હાઉસ સંગીત કલાકાર છે અને હવે નોરાને પોતાની પ્રતિભાના રૂપમાં સામેલ કરી ગર્વ અનુભવી રહ્યા છે. નોરા એક વિશેષ કલાકારના રૂપમાં જોવા મળશે, જે ફિલ્મો, સંગીત વીડિયો, વેબ સિરીઝ, વેબ ફિલ્મોમાં જોવા મળશે. ભૂષણ કુમારની આગામી પ્રસ્તુતિઓમાં નોરા મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે, જેમ કે સલમાન અભિનીત ભારતમાં, જોન અબ્રાહમ સાથે બટલા હાઉસ અને વરૂણ ધવનની સાથે #૩ માં જોવા મળશે.



ભૂષણે આ વર્ષની શરૂઆતમાં ૨ મોટી ફિલ્મોની જાહેરાત સાથે ૨૦૧૯ની ધમાકેદાર શરૂઆત કરી છે



કરીના અને સોનમ કપૂરની જોડી મોટું પ્લાનિંગ કરી રહી છે



મુંબઈ

સોનમ કપૂર પોતાના ખાસ પ્રકારના રોલની પસંદગીને કારણે ચર્ચામાં રહે છે. સોનમના ખાતામાં એવી અનેક ફિલ્મો છે જેમાં તેણે અલગ જ પ્રકારના દમદાર રોલ કરીને પોતાની કાબેલિયત સાબિત કરી છે. સોનમની લેટેસ્ટ ફિલ્મ એક લડકી કો દેખા તો ઐસા લગામાં લેસ્બિયન પ્રેમની ચર્ચા છે. આ ફિલ્મની વાર્તા વિવાદાસ્પદ હોવા છતાં દર્શકો તેમજ ક્રિટિક્સે એને વખાણી છે.

આ ફિલ્મના પ્રમોશન માટે સોનમ પોતાની ખાસ મિત્ર કરીના કપૂરના રેડિયો શો 'વોટ વુમેન વોન્ટ'માં પહોંચી હતી. આ સમયે ચર્ચા દરમિયાન સોનમ કપૂરે મોટો ખુલાસો કર્યો છે. આ ખુલાસો સાંભળીને સોનમ અને કરીના ચાહકો ખુશીથી નાચી ઉઠશે

હકીકતમાં શોના અંતમાં જ્યારે કરીના કપૂરે બાય કહ્યું ત્યારે સોનમે જવાબ આપતા કહ્યું છે કે આશા છે કે આપણી મુલાકાત બહુ જલ્દી વીરે દી વેડિંગ ૨ના સેટ પર થશે. સોનમની આ કમેન્ટ સાંભળીને કરીનાએ પણ તેને શુભેચ્છા આપી હતી. ૨૦૧૮માં રિલીઝ થયેલી વીરે દી વેડિંગ ચાર છોકરીઓની મિત્રતા પર આધારિત હતી. આ ફિલ્મમાં કરીના કપૂર, સોનમ કપૂર, સ્વરા ભાસ્કર અને શિખા તલસાણીયા જોવા મળી હતી.

બિનખેતીની પ્રક્રિયા ઓનલાઈન થયા બાદ ૫૪૫ ફાઈલ મંજૂર થઈ

સુરત

૨૧ જ્યારથી બિનખેતીની પ્રક્રિયા ઓનલાઈન કરાયા બાદ સુરતમાં ત્રણ મહિનાના સમયગાળામાં ૫૪૫ અરજી આવી હતી. જેમાંથી ૧૩૯ બિનખેતીની ફાઈલ મંજૂરી થઈ છે. જ્યારે ૯૬ રિજેક્ટ કરાઈ હતી. ઉપરાંત ૩૧૦ અરજી ગ્રીમ રેડ અને યલો ચેનલના સ્ટેજ ઉપર છે. ૯૬ રિજેક્ટ થયેલી અરજીઓમાં ૬૭ અરજી પ્રાથમિક ધોરણે જ રિજેક્ટ કરાઈ હતી. કેમકે, આ અરજીઓ સાથે એફિડેવિટ સહિતની માહિતી યોગ્ય રીતે રજૂ કરાઈ નહીં હોવાથી રિજેક્ટ કરી દેવામાં આવીહ તી.

બિનખેતીની મંજૂરી માટે ઓનલાઈન અરજીની સંખ્યામાં તબક્કાવાર રીતે વધી રહી છે. ઓલાઈનિ પ્રક્રિયા થયા બાદ જે તે વિભાગ પોતાનો અભિપ્રાય ઓનલાઈન અરજીના આધારે આપી દે છે. તેથી અરજી કર્યાબાદ ખૂબ જ ટૂંકા સમયગાળામાં બિનખેતીની પરવાનગી પણ મળી રહી છે.

બિનખેતી માટે અરજી કર્યાબાદ અરજીને સ્ટેટ્સ જાણવા ત્રણચેનલ નક્કી કરવામાં આવી છે. જેમાં ગ્રીન, યલો અને રેડ ચેનલ છે. અરજી કરનાર ઓનલાઈન સ્ટેટસ પણ જાણી શકે છે.

દરમિયાન સુરતમાં ૧-લી નવેમ્બર બાદ અત્યારસુધીમાં ૫૪૫ ઓનલાઈન અરદી આવી છે. જેમાંથી ૧૩૯ અરજી મંજૂર કરી દેવામાં આવી છે. જ્યારે ૯૬ રિજેક્ટ કરી દેવાય છે.

તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરનાર આરોપી જેલમાં ધકેલાયો

આરોપી ભીમરાડના રહીશ જયેશ પટેલના બે દિવસના રિમાન્ડ પૂરા થયા

સુરત

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મહુવા વિસ્તારની પરિણીતાને તાંત્રિક વિધિ કરવાના બહાને સાપુતારા વૈશાલી ગેસ્ટ હાઉસમાં લઈજઈ બળાત્કાર ગુજારનારા બીલીમોરાના તાંત્રિક શૈલેષ નાયકાનો અશ્લીલ વીડિયો વ્હોટ્સ એપ પર વાયરલ કરવામાં આવ્યો હતો.

મહુવા પોલીસ મથકમાં પીડિતાએ તંત્રિક શૈલેષ નાયકા, ભીમરાડ ડુંગરી ફળિયાના જયેશ પટેલ અને તેમના પુત્ર આકાશ પટેલ સામે, બળાત્કાર તથા આઈટીએ કટનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસેઆ ગનામાં તાંત્રિક શૈલેષ નાયકાની ધરપકડ કરી કોર્ટમા રજૂ કરી રિમાન્ડ પણ મેળવ્યા હતા. આ રિમાન્ડ પુરા થતા તેમને જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. આ ગુનામાં તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરનારા ભીમરાડના જયેશ પટેલની પોલીસે-ઉધના મગદલ્લા રોડ પરથી ધરપકડ કરી હતી. બારડોલી પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા તા. આ અંગે રિમાન્ડ દરમિયાન સીપીઆઈ ચૌહાણ આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલ મોબાઈલ ફોન પણ કબજે કરી એફએસએલમાં મોકલી આપ્યો હતો. પોલીસે મેળવેલા બે દિવસના રિમાન્ડ પૂરા થતા તેને જેલમાં મોકલી આપ્યો હોવાનું જણાવ્યું હતું.

વિદેશમાં અભ્યાસ કરવા ગયેલ યુવકનું ડૂબી જતાં મોત

સુરત

સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા રાજેશભાઈ રમણભાઈ કથિરીયાનો એકનો એક દીકરો ઓસ્ટ્રેલિયામાં ડૂબી જતા મોતને ભેટ્યો હતો. અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલિયા ગયેલા સાહિલ નામના યુવકનું સિડનીના નેશનલ પાર્કમાં ડૂબી જતાં મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. સાહિલનો મૃતદેહ આજે ગુરુવારે સુરત લવાતા અંતિમયાત્રા યોજવામાં આવી હતી.

પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે,પાર્કમાં ઓછું પાણી હોય છે તેવા સંજોગોમાં કેવી રીતે મોત થઈ શકે તેવા સવાલો ઉઠાવ્યાં હતાં. મૂળ સૌરાષ્ટ્રના અમરેલીના સરસીયા ગામના વતની અને હાલ કતારગામના કોટેશ્વર નગરમાં રહેતા અને કન્ટ્રકશનના કામ સાથે સંકળાયેલા રાજેશભાઈ રમણભાઈ કથિરીયા સંયુક્ત પરિવારમાં રહે છે. તેનો દીકરો સાહિલ ૧૧ મહિના પહેલા જ આઈટીના અભ્યાસ અર્થે ઓસ્ટ્રેલિયા ગયો હતો. હાલ તે બીજી ટર્મમાં અભ્યાસ કરતો હતો. ભણવામાં હોશિયાર સાહિલ આઈટી બાદ તે કોર્ષ બદલીને સિવિલ એ ન્જિનિયરીંગનો અભ્યાસ કરવાનો હતો. આ અગાઉ ગત ૨૯મીના રોજ તેઓ મિત્રો સાથે સિડનીના રોયલ નેશલ પાર્કમાં ફરવા ગયાં હતાં. જયાં ન્હાતી વખતે તેનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું.

આહવાની વિજ્ઞાન કોલેજનો એન.એસ.એસ. કેમ્પ યોજાયો

સેવા પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓએ સામાજિક દાયિતવ અદા કર્યું

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સરકારી વિજ્ઞાન કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ૭ દિવસીય વાર્ષિક એન.એસ.એસ. કેમ્પ તાજેતરમાં ગોંડલવિહીર ગામે યોજાઈ ગયો. કોલેજના પ્રિન્સિપાલ શ્રી એન.એમ. ટંડેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજિત આ શિબિર દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓએ ફૂલગુલાબી ઠંડીમાં અવનવી સેવાકિય પ્રવૃત્તિઓમાં જોડાઈને તેમનું સામાજિક દાયિત્વ અદા કર્યુ હતું. દરમિયાન ગોંડલવિહીર ગામમાં પ્રભાતફેરી સહિત સ્વચ્છતા અભિયાન, મતદાર જાગૃતિ અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો વિષયક જનજાગૃતિ કાર્યક્રમો આયોજિત કરાયા હતા. શિબિર દરમિયાન તા.૩૧મી જાન્યુઆરીએ વિશ્વ જાદુગર દિવસની ઉજવણીના ભાગરૂપે શિબિરાર્થીઓએ અંધશ્રદ્ધા નિવારણના કાર્યક્રમનું પણ આયોજન કરાયુ હતું. જ્યારે આરોગ્ય કર્મચારીઓના સહયોગથી ગ્રામજનોની આરોગ્ય ચિકિત્સા સાથે વ્યસનમુક્તિના કાર્યક્રમો પણ યોજાયા હતા. જિલ્લાના નડગ્યા દેવ પર્વત ઉપર ટ્રેકિંગ સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોથી વિદ્યાર્થીઓને માહિતગાર પણ કરાયા હતા. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.જગદીશ ચૌહાણની આગેવાની હેઠળ સ્વયંસેવકોના જુદા જુદા ગૃપ રચી, તેમને સામાજિક જવાબદારીના પાઠ પણ શીખવાડવામાં આવ્યા હતા.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ 'ઓપન હાઉસ કાર્યક્રમ'માં ૩૬ અરજીઓનો નિકાલ

સરકારી તિજોરીમાં રૂા.૫,૦૪,૬૩,૭૧૧નું પ્રીમિયમ જમા થયું

સુરત

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૫ હેઠળની જમીનનો બિનખેતી ઉપયોગ કરવા માટે બિનખેતીની અરજીઓનો નિકાલ તથા ગણોતધારાની કલમને આધિન તથા પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીન હેતુફેર કરવા અંગેની અરજીઓનો ઝુંબેશ સ્વ રૂપે નિકાલ કરવા અંગેનો 'ઓપન હાઉસ કાર્યક્રમ' તાજેતરમાં કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં અરજીઓના મંજુરી પત્રો તથા હુકમો સબંધિત ખાતેદારો/કબજેદારોને કલેકટર કચેરીમાં રૂબરુ બોલાવી વિતરણ કરવામાં આવ્યાત હતા.

વિતરણમાં કરવામાં આવેલ મંજૂરીપત્રો/હુકમોમાં જ.મ.કા.ની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી અંગેના ૧૨ હુકમો, કલમ-૬૫ (તત્કાલ) હેઠળ બિનખેતી પરવાનગી અંગેના ૦૪ હુકમો, ગણોતધારાની કલમ-૪૩ હેઠળની પ્ર.સ. પ્રકારની જમીન જૂની શરતમાં હેતુફેર કરવા અંગેના ૧૧ હુકમો, ગામના નોકર/ચાકરીયાત/ પ્રકારની નવી શરતની જમીન હેતુફેર કરવા અંગેના ૦૯ હુકમો મળીને કુલ ૩૬ અરજીઓનો નિકાલ કરાયો હતો. જેમાં બિનખેતી જમીનનું કુલ ક્ષેત્રફળ ૧૫૧૨૯૧ ચો.મી. અને હેતુફેર થયેલ જમીનનું કુલ પ્રીમિયમ રૂપિયા રૂ.૫,૦૪,૬૩,૭૧૧/-થાય છે એમ સૂરત જિલ્લા કલેકટરની યાદીમાં જણાવાયું છે.

સુરત શહેર અને જિલ્લામાં ૨૦મી પશુધન વસ્તી ગણતરીનો પ્રારંભ

સુરત

જિલ્લા પંચાયતની પશુપાલન શાખા દ્વારા હાલમાં સુરત શહેર અને જિલ્લામાં ૨૦મી પશુધન વસ્તી ગણતરી શરૂ કરવામાં આવી છે, જેથી શહેર અને જિલ્લાના નાગરિકોને તેમના વિસ્તારમાં પશુધન વસ્તી ગણતરી માટે આવનાર ગણતરીદારો દ્વારા પશુ સંબંધિત જરૂરી વિગતો અને માહિતી માંગવામાં આવે તો તેમને સાથ સહકાર આપશો. પશુધન વસ્તી ગણતરી માટે ઘર નંબર, મકાન માલિકનું નામ, ફોન નંબર, આવક, જાતિ, ખેતી/ ઘરનું ક્ષેત્રફળ, અભ્યાસ, પશુની વિગત (જો રાખતા હોય તો) જેવી પ્રાથમિક વિગતો આપવા નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત દ્વારા જણાવાયું છે.

કાપોદ્રામાં રહેતા રોશનભાઈ સુનાર લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યાં અનુસાર, તા.૨૯/૦૧/૨૦૧૯ ના રોજ ઘર નં/૦૫, ગાયત્રી નગર, કાપોદ્રા, (મૂળ વતન ગામ પચાશા તા.કાલીકા જી.વર્દીયા નેપાળ) ખાતે રહેતા ૨૬ વર્ષીય રોશન ઉર્ફે સુખવીર વીરૂભાઈ સુનાર ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ અને ઉંચાઈ ૫.૩ ફૂટ છે. તેમણે શરીરે સફેદ કલરનું ટી શર્ટ તથા જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલિસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
• સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
• નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
• દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-યુમથાંગ
• દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
• સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
• આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલમ બીચ
દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
દિવસ-૬ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના ભાવમાં બધેજગ્યાએ 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com

iSC Indian Steel Corporation Ltd. durashine TATA BLUESCOPE STEEL LOTUS
JINDAL VISHWAS Manaksia Limited JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
• પોલીકાર્બોનેટ • PVC • ગેલ્વેનાઈઝ
• એલ્યુમીનીયમ • MS • CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
• ગેલવેનાઈઝ • એલ્યુમીનીયમ • PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેકટ લેન્સ ક્લીનિક
ઘોડદોડ રોડ: ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા: એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ: જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્ડલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

ડાંગ જિલ્લામાં પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે આરોગ્ય કર્મીઓની હડતાળ

સ્વચ્છતા અભિયાન અને રક્તદાનના કાર્યક્રમો પણ અપાયા

આહવા

રાજ્યના છેવાડે આવેલા ડાંગ જિલ્લાના પાયાના આરોગ્ય કર્મચારીઓ તેમની વિવિધ પડતર માંગણીઓના સંદર્ભે માસ સી.એલ. ઉપર ઉતરી ગયા હતા.

ડાંગ જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ કુંવર તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ, ગાંધીનગર તરફથી જિલ્લા પંચાયત હસ્તક ફરજ બજાવતા વિવિધ સંવર્ગના પંચાયત સેવા હેઠળના આરોગ્ય કર્મચારીઓએ તા.૬/૨/૨૦૧૮નાં રોજ એક દિવસની માસ સી.એલ. મુકી તેમની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે અવાજ બુલંદ કર્યો હતો. આ સાથે ડાંગ જિલ્લા પંચાયતની સામે માસ સી.એલ. ઉપર બેઠેલા કર્મચારીઓએ રામધૂન બોલાવવાની સાથે, સ્વચ્છતા અભિયાન અને રક્તદાન શિબિરનું આયોજન કરીને હકારાત્મક અભિગમ દાખવ્યો હતો. શ્રી કુંવરના જણાવ્યા અનુસાર રક્તદાન કેમ્પના આયોજનથી એકત્ર થનારા રક્તનો ઉપયોગ ડાંગની સગર્ભા માતાઓ, અને ગરીબ દર્દીઓ માટે કરવામાં આવનાર છે.

ડાંગ જિલ્લાના ગાઢવી, સાપુતારા, ગલકુંડ, પીંપરી, સાકરપાતળ, કાલીબેલ, ઝાવડા, પીપલદહાડ, ગારખડી, શિંગાણાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત આહવા અને વઘઇ તાલુકા આરોગ્ય કચેરીઓ, અને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના કર્મચારીઓ પૈકી કુલ ૫૯ કર્મચારીઓએ માસ સી.એલ. મુકી છે, જ્યારે ૯૨ કર્મચારીઓ કેજ્યુઅલ લીવ મુકીને આ કાર્યક્રમમાં જોડાયા છે. આમ ડાંગ જિલ્લામાં ફાર્માસીસ્ટ, લેબ ટેકનિશિયન, એમ.પી. એચ.ડબ્લ્યુ., એફ.એચ.ડબ્લ્યુ જેવી જુદી જુદી સંવર્ગના કુલ-૧૫૧ કર્મચારીઓ આ કાર્યક્રમમાં જોડાયા છે. ઉલ્લેખનિય છે કે, રાજ્ય સરકાર સામે આરોગ્ય વિભાગના આ કર્મચારીઓની જુદી જુદી પડતર માંગણીઓ જેવી કે (૧) પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓને ટેકનિકલ કર્મચારી ગણવા, (૨) રાજ્ય સેવાની જેમ ત્રિસ્તરીય માળખાનો પંચાયત સેવામાં અમલ કરવા, (૩) આરોગ્ય કર્મચારીઓને ૦ કિલોમીટરે પી.ટી.એ. આપવા, (૪) તાલુકા અને જિલ્લા કક્ષાએ સુપરવાઈઝરની જગ્યાઓ અપગ્રેડ કરવા, (૫) જિલ્લા મેલેરીયા અધિકારી (વર્ગ-૨)માં મેલેરીયા તથા સુપરવાઈઝર અને લેબ ટેકનિશિયન (પેથોલોજી)ને જિલ્લા મેલેરીયા અધિકારી (વર્ગ-૨) તરીકે બઢતી આપવા, (૬) નવા મંજુર થયેલા જિલ્લાઓમાં જિલ્લા કક્ષાનું મહેકમ મંજુર કરી જગ્યાઓ ભરવા, (૭) જિલ્લા કક્ષાની સુપરવાઈઝરની ખાલી જગ્યાઓ બઢતી આપી ભરવા, (૮) પંચાયત સેવાના કમ્પાઉન્ડરોનું નામાભિધાન બદલી ફાર્માસીસ્ટ કરવા, (૯) ગ્રામ્ય કક્ષાએ ફિમેલ હેલ્થ વર્કરના પેટા કેન્દ્રો ઉપર મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની જગ્યા મંજુર કરવા તથા (૧૦) તાલુકા આરોગ્ય કચેરીઓ ખાતે ફાર્માસીસ્ટની નવી જગ્યાઓ ભી કરવા જેવી બાબતો રાજ્યકક્ષાએ પડતર રહેવા પામી છે.

દરમિયાન ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયાએ, ગ્રામીણ આરોગ્ય કર્મચારીઓના માસ સી.એલ.ના કારણે જરૂરિયાતમંદ દર્દીઓને કોઇ અગવડ કે મુશ્કેલી ન પડે તે માટે ગ્રામ્ય સ્તરે ફરજ બજાવતા આર.બી.એસ.કે. ના કર્મચારીઓ સહિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રોના માસ સી.એલ. ના કાર્યક્રમમાં જોડાયેલા કર્મચારીઓ સિવાયના કર્મચારીઓની સેવાઓ સતત કાર્યરત છે તેમ એક મુલાકાતમાં જણાવ્યું હતું. ગ્રામીણ દર્દીઓની આરોગ્ય સુશ્રૂષા જેવી સેવાઓ ખોરંભે ન પડે તે માટે તકેદારીના તમામ પગલાઓ લેવા સાથે, જે કર્મચારીઓ માસ સી.એલ. માં જોડાયા છે, તેમની રજા મંજુર નહીં કરવાની પણ સંબંધિતોને સૂચના આપવામાં આવી છે, તેમ જણાવી શ્રી વઢવાણિયાએ આગામી દિવસોમાં આવા કર્મચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેમ એક મુલાકાતમાં વધુમાં જણાવ્યું હતું.

નવસારીમાં મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૨૨૪ પરિવારો દ્વારા ગૃહ પ્રવેશ કરાયો

નવસારીમાં રૂા.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા આવાસોની ફાળવણી

નવસારી

નવસારી ખાતે મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રૂા.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૨૨૪ આવાસોમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેન મહેન્દ્રસિંહ સરવૈયા અને મહાનુભાવોના હસ્તે શાસ્ત્રોકત વિધિ કરી, ચાવી અર્પણ કરીને ગૃહપ્રવેશ કરાવ્યો હતો. આ આવાસોમાં ૧૬૮ એલઆઈજી-૨ અને ૫૬ એલઆઈજી-૧ નો સમાવેશ થાય છે.

આધુનિક સુવિધાસભર મકાનો જીડીઆર મુજબ અગ્નિશામક તેમજ ભુકંપ પ્રતિરોધક બાંધકામ છે. ચેરમેને લાભાર્થીઓ પરિવારોને એકબીજા સાથે હળીમળીને રહેવા એક વસુદેવ કુટુંબની ભાવનાને ઉજાગર કરવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નાના-મધ્યમવર્ગના લોકોને આવાસો મળી રહે તેવી સકારાત્મક દૃષ્ટિ સાથે સુચારૂ આયોજન કર્યું છે. જેનો લાભ આવા લોકોને મળી રહયો છે.

હાઉસિંગ બોર્ડના ચેરમેને સ્લમ ક્લીયરન્સ બોર્ડના મકાનો લાભાર્થીઅવની સંમતિ હોય તો રીડેવલપમેન્ટ કરી તેમજ નગરપાલિકા જમીન ફાળવે તો ત્રણ બેડરૂમ સુવિધાવાળા ઉપરાંતના આવાસો બનાવી આપવા પણ તૈયારી દર્શાવી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ અમિતાબેન પટેલ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવી, રાજય સરકારે મધ્યમવર્ગ માટે સુવિધાસભર આવાસો આપ્યા હોવાનું જણાવ્યું હતું.

નવસારી ધારાસભ્ય પિયુષભાઇ દેસાઈએ પરિવારોને સુખ-શાંતિ મેળવે પ્રગતિ કરે તેમ જણાવ્યું હતું. ગુજરાત હાઉસિંગ બોર્ડના મુખ્ય ઈજનેર શ્રી એચ.આર.મેણાતે સૌને આવકારી, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રાજયભરમાં તૈયાર કરવામાં આવી રહેલા આવાસોની જાણકારી આપી હતી. રાજયમાં ૨૧૫૮૫ આવાસો તૈયાર કરવામાં આવી રહયા છે. જેમાં ૧૮૫૨૩ આવાસો પુર્ણ થયા છે.

ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા તૈયાર થયેલા આવાસો લોકાર્પણ અવસરે નગરપાલિકા પ્રમુખ કાંતિભાઇ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી આર.જે.ગોહિલ, પુર્વ મંત્રી મંગુભઇ પટેલ, માજી ધારાસભ્ય લક્ષ્મણભાઇ પટેલ, અગ્રણી ભુરાલાલ શાહ, અશોકભાઇ ગજેરા, પ્રેમચંદ લાલવાણી સહિત નગરપતિઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ નાયબ કમિશનર કે.એસ.યાજ્ઞિકે આટોપી હતી.

જોબવર્ક કરવા આપેલો રૂા. ૧૪.૭૩ લાખનો માલ સગેવગે કરી દેવાયો

જંગી રકમનો માલ બારોબાર બીજાને વેચી દેવાતા પોલીસ ફરિયાદ

સુરત

રૂા.૧૪.૭૩ લાખની કિંમતની સાડી ફિનીસીંગ કરવા માટે લઈ જઈ પરત નહીં આપનાર સામે સલાબતપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભટાર રોડ આશીર્વાદ પેલેસમાં રહેતા વેપારી રાજકુમાર જુમરલાલ મુદડા પાસેથી આરોપી મોહસીન ખાન પણ ઉલ્લાખાન (રહે. મીઠી ખાડી લીંબાયત) એ રૂા. ૧૪,૭૩,૫૦૦ની કિંમતની સાડી ફિનીસીંગ કરવા માટે લઈ ગયો હતો. ત્યારબાદ આરોપીએ સાડી પરત નહીં કામ બંધ કરી નાસી ગયા હતાં. બનાવ અંગે રાજકુાર જુમરલાલની સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી પો.સ.ઈ. એચ.એન. અંજરામે તપાસ હાથ ધરી છે.

કતારગામ ઝોન દ્વારા વેરો નહીં ભરતા ૨૭ મિલ્કતોને સીલ માર્યા

સુરત

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮-૧૯ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે તા.૫-૨-૨૦૧૯ના રોજ મિલ્કતોમાં રીક્વરી કરતા હરીઓમ મિલ કંપાઉન્ડ ફટાકડાવાડી, વેડરોડ, સંતકૃપા સોસાયટી, શ્રી હરિ હાઈટ્સ- છાપરાભાઠા, સહજાનંદ સ્કવેર, કોસાડ રોડ, જીઆઈડીસી, ફુલપાડા વગેરે વિસ્તારમાં ૨૭ મિલ્કતોને સીલ કરવામાં આવેલ તેમજ ખુલ્લા પ્લોટો ટાંચમાં લેવા અંગે ૩૦ બોર્ડ પ્રસિદ્ધ કરવામાં આવતા સ્થળ ઉપર રૂા.૫,૭૮૦૦૦ની વસૂલાત કરવામાં આવેલ છે.

મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૧૯

સુરત જિલ્લામાં કુલ ૪૧,૮૪,૭૧૬ મતદારો પૈકી ૧૯,૧૮૬૮૩ મહિલા મતદારો છે : કલેક્ટર

તા.૧-૧-૨૦૧૯ સુધીમાં ૧૮ વર્ષ પૂરા કરનાર વ્યક્તિ મતદાર યાદીમાં નામ નોંધાવી શકશે સુરત જિલ્લાની આખરી મતદાર યાદી પ્રમાણે નવા ૮૨,૫૧૩ મતદારો ઉમેરાયા

સુરત

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૧૯ અંતર્ગત જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડો.ધવલ પટેલે પ્રેસ કોન્ફરન્સ યોજી આગામી લોકસભા ચૂંટણી પહેલા અદ્યતન મતદાર યાદી અંગે જાણકારી આપી હતી.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં ૧૬ વિધાનસભા વિસ્તારમાં ૩ લોકસભાની બેઠક છે. જેમાં તા.૩૧/૦૧/૨૦૧૯ની સ્થિતિએ જિલ્લાની આખરી મતદાર યાદી પ્રમાણે ૪૧,૮૪,૭૧૬ મતદારો છે. જેમાં ૨૨,૬૫,૯૨૨ પુરૂષ અને ૧૯,૧૮,૬૮૩ મહિલા મતદારો તેમજ ત્રીજી જાતિના ૧૧૧ મતદારોનો સમાવેશ થાય છે. અદ્યતન મતદાર યાદી મુજબ નવા ૮૨,૫૧૩ મતદારો ઉમેરાયા છે. ભારતીય ચૂંટણીપંચના નિર્દેશ પ્રમાણે તા.૦૧-૦૧-૨૦૧૯ની લાયકાતના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૧૯ મુજબ આગામી સમયમાં મતદાર યાદીમાં નામ નોંધાવવાની ખાસ ઝુંબેશ હાથ ધરાશે. જેમાં ૧-૧-૨૦૧૯ સુધીમાં ૧૮ વર્ષ પૂરા કરનાર યુવાવર્ગ માટે મતદાર યાદીમાં નામ નોંધાવી મતાધિકાર મેળવવાની સુવર્ણ તક છે.

ટોલ ફ્રી હેલ્પ લાઈન નં.૧૯૫૦ ઉપર કોઈપણ નાગરિક ફોન કરીને ચૂંટણીલક્ષી જાણકારી મેળવવા સાથે ફરિયાદ પણ નોંધાવી શકશે. આ હેલ્પેલાઈન મતદાર સંબંધિત માર્ગદર્શન આપવા માટે ૨૪ કલાક કાર્યરત રહેશે એમ તેમણે જણાવ્યુ હતું.

કલેકટરશ્રીએ યુવાન મતદારોમાં ચૂંટણીલક્ષી જાગૃત્તિ આવી હોવાનું જણાવી કહ્યું કે, લાયકાત ધરાવતા તમામ મતદારોની નોંધણી થવી જરૂરી છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં ફોટો ઓળખકાર્ડ મેળવવું અનિવાર્ય છે. ચૂંટણી કાર્ડ હોય પરંતુ મતદારયાદીમાં નામ ન હોય તો મતદાન કરી શકાતું નથી. આ સંક્ષિપ્ત મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો મુખ્ય આશય નવા મતદારોની નોંધણી સાથે મતદાર યાદીઓમાં રહી ગયેલ ક્ષતિઓ, બાકી રહી ગયેલ મતદારોના નામો દાખલ કરવા, નામો રદ કરવા, એક મતદાર વિભાગથી અન્ય મતદાર વિભાગમાં નામ સ્થળાંતર કરવા, લાયક મતદારોના નામો ખોટી રીતે રદ ન થાય તે પણ ચકાસણી થઈ જાય તેવો છે. તેમણે ઈવીએમ-વીવીપેટની પ્રથમ તબક્કાની ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ હોવાનું પણ ઉમેર્યું હતું. પત્રકાર પરિષદમાં પ્રિન્ટ. અને ઈલેકટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

માતાવાડીમાં સરાજાહેર ચપ્પુના ઘા મારી આધેડ વ્યક્તિની હત્યા

ત્રણ હુમલાખોરોએ દુકાન પાસે ઉભેલા દિનેશભાઈ વાળા પર તૂટી પડ્યા

સુરત

વરાછા માતાવાડી પાસે ત્રણ અજાણ્યા યુવકોએ એક વ્યક્તિની ઘાતકી હત્યા કરી નાસી ગયા હતા. વરાછા પોલીસે હત્યાનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા એલએચ રોડ જગદીશનગર સોસાયટીમાં રહેતાં જયંતીભાઈ મથુરભાઈ વાળાએ આપેલી ફરિયાદ મુજબ ફરિયાદી જયંતીભાઈ વાળાના કાકા દિનેશભાઈ વાળા ગઈકાલે રાત્રે ૮.૩૦ કલાકે વરાછા માતાવાડી વિઠ્ઠલનગર સોસાયટી કૈલાશ બંગાળી મીઠાઈવાળાની દુકાન પાસે ઉભા હતા. ત્યારે અચાનક ધસી આવેલા ત્રણ અજાણ્યા યુવકોએ ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી નાસી ગયા હતા. વરાછા પોલીસે હત્યાનો ગુનો દર્જ કરી આજુબાજુના સીસીટીવી ફુટેજ મેળવી તપાસ હાથ ધરી છે.













નવસારીમાં ૧૦, વલસાડમાં ૧૪ અને સુરતમાં ૧૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું

ઉત્તર ભારતમાં ફરી હિમ વર્ષાને પગલે દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો

સુરત

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી કાશ્મીરમાં અને ઉત્તરાખંડમાં બરફ વર્ષા થતા રાજ્યના હવામાનમાં ફેરફાર થયો છે. દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં આજે અચાનક પલટો આવ્યો છે ત્રણ દિવસ સુધી તાપમાન વધ્યા બાદ આજે સડસડાટ ૪ ડિગ્રી ઘટતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૭.૬ ડિગ્રી નોંધાયું છે. ગતરોજ અધિકત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૮. ૨ ડિગ્રી નોંધાયું હતું. સડસડાટ ૪ ડિગ્રી તાપમાન ઘટતા ગરમીથી રાહત મળવાની સાથે સુસવાટાભેર પવન ફૂંકાતા ઠંડીનો અનુભવ થયો હતો. છેલ્લા બે- ત્રણ દિવસમાં દક્ષિણ ગુજરાતમાં ઊંચુ તાપમાન નોંધાતા શિયાળાની કાતિલ ઠંડીમાં લોકોને રાહત મળી હતી. અલબત્ત ઉત્તર ભારતના પહાડી ક્ષેત્રોમાં ફરી બરફનો વરસાદ તથા મેદાની પ્રદેશોમાં વરસાદને પગલે દક્ષિણ ગુજરાતમાં પણ ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે અને આજે સવારે નવસારી જિલ્લામાં સૌથી નીચુ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાતા ફરીથી લોકો કાતિલ ઠંડીમાં સપડાયા છે.

આજે સમગ્ર દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. તાપમાનમાં સડસડાટ ૪ ડિગ્રીનો ઘટાડો થતા અને ઉત્તર દિશાથી ઠંડો પવન ફૂંકાતા ઠંડીનો અનુભવ થયો હતો. છેલ્લા બે- ત્રણ દિવસમાં દક્ષિણ ગુજરાતમાં ઊંચુ તાપમાન નોંધાતા શિયાળાની કાતિલ ઠંડીમાં લોકોને રાહત મળી હતી. અલબત્ત ઉત્તર ભારતના પહાડી ક્ષેત્રોમાં ફરી બરફનો વરસાદ તથા મેદાની પ્રદેશોમાં વરસાદને પગલે દક્ષિણ ગુજરાતમાં પણ ઠંડીના પ્રમાણમાં વધારો થયો છે અને આજે સવારે નવસારી જિલ્લામાં સૌથી નીચુ તાપમાન ૧૦ ડિગ્રી નોંધાતા ફરીથી લોકો કાતિલ ઠંડીમાં સપડાયા છે.

વરલી- મટકાનું જુગારનું વલણ લેતા ચાર જુગારીઓ પકડાયા

રૂા. ૧.૩૫ લાખની વધુનો મુદ્દામાલ કબજે લેવાયો

સુરત

મહુવા ગામની સીમમાં આવેલા એક સ્મશાનગૃહની બાજુમાં વરલી મટકાનો જુગાર રમાડનારા ચાર જુગારીઓની ધરપકડ કરી રોકડા, મોબાલ ફોન તથા મોટર સાઈકલો મળી કુલ્લે ૧.૩૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ ગુનામાં બે આરોપીઓને પોલીસ ચોપડે વોન્ટેડ બતાવ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મહુવા સ્મશાનગૃહની બાજુમાં ભાવેશ ઓડ, મુકેશ પટેલ, ધર્મેશ ભાઈ રાઠોડ, નીતિનભાઈ ચૌધરી મુંબઈથી નીકળતા વરલી મટકાની ચિઠ્ઠીઓ, કલ્યાણ તથા મિલન બજારના આંકો પર જુગાર રમતા હતા. પોલીસને મળેલી એક બાતમીના આધારે દરોડા પાડી ૧૩,૩૦૦ રોકડા, ૬ નંગ ડુપ્લીકેટ પાનાની બૂક, કાર્બન પેપર, બોલપેન્ટ, ૩ નંગ મોબાઈલ ફોન, ૬ નંગ મોટર સાઈકલ મળી કુલ્લે ૧.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમમની ધરપકડ કરી હતી. જ્યારે બે આરોપીઓ ફરાર થઈ જતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે જુગારધારાની કલમ મુજબનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

કાર ચાલકે ૪ને અડફેટે લેતા ૧ મહિલાનું મોત, સ્થાનિકોએ કર્યો ચક્કાજામ

સુરત

સુરતથી ઓલપાડ જવાના રસ્તે એક મહિલાનું અકસ્માતમાં મોત થતા વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. જેના કારણે સ્થાનિકો રસ્તા પર ઉતરીને ચક્કાજામ કર્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવી હતી અને લોકોની માંગણી સંતોષવાની બાહેધરી આપતા મામલો શાંત પડ્યો હતો.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર, ગુરૂવારે સુરતથી ઓલપાડ જતા ચોકડી પાસે એક મહિલાને ટવેરા ચાલકે મહિલા સહિત બે વાહનોને અડફેટે લીધી હતી. જેના કારણે મહિલાના ઘટના સ્થળે જ મોત થયું હતું. મહિલાના મોતના પગલે વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

સ્થાનિકોએ રસ્તો બ્લોક કરી ચક્કાજામ કર્યો હતો. અને તંત્ર પાસે માંગણી કરી હતી કે અવાર નવાર થતા અકસ્માતોને ટાળવા માટે જ્યાં સુધી રોડ પર બમ્પ લગાડવામાં નહીં આવે ત્યાં સુધી મૃતદેહને સ્થળ ઉપરથી નહીં ઉઠાવવાની સ્થાનિક લોકોએ ફરજ પાડી હતી. બીજી બાજુ ઘટનાને પગલે લગભગ એકથી બે કિલોમીટર સુધી થયેલા ટ્રાફિક જામના પગલે પોલીસ અધિકારીઓ સ્થળ ઉપર દોડી આવ્યા હતા. આ ઘટનામાં કાર ચાલકની ધરપકડ કરવામાં આવી છે. અને ટવેરા ગાડીને પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવી છે.

દારૂનાં નશામાં ધુત બે દુકાનદારો વચ્ચે ખેલાયો લોહીયાળ જંગ

સુરત

ગુજરાત સરકારે ૨૪ કલાક ખાણીપીણીની દુકાનો ચાલુ રાખવાની જાહેરાત કરીને ૧૨ કલાકમાં પિપલોદના નાઈટ બજાર બે દુકાનદારોની મારામારી ઉતરી આવ્યા હતા. બહારથી બોલાવેલા અસામાજિક તત્વોએ દારૂના નશામાં નાઈટ બજારને બાનમાં લીધું હતું, જેને પગલે જમવા માટે આવેલા ગ્રાહકોએ પણ જીવ બચાવીને ભાગવાની નોબત આવી હતી.

ઘટનાને પગલે ઉમરા પોલીસ દોડી આવતા આસામાજિક તત્વો ભાગી જતા પોલીસે કેટલાક તત્વોને પકડી લીધા હતા. આખી ઘટનામાં નાઈટ બજારના સીસીટીવી કેમેરામાં આ ઘટના કેદ થઈ છે. ઉમરા પોલીસ જો સીસીટીવી કેમેરાની તપાસ કરાવે તો ચોકાવનારી હકીકતો સામે આવી શકે છે. હાલમાં બે જણાને ઈજા થઈ હોવાનું ઉમરા પોલીસે જણાવ્યું છે. જો કે આ મારામારીમાં ૮ જણાને ઈજા થઈ છે. સૂત્રો પાસેથી મળતી માહિતિ અનુસાર પિપલોદમાં ક્રિષ્ના પરોઠા અને સેવનકિંગની દુકાનના માલિકો વચ્ચે ખુરશી મુકવાની બાબતે માથાકૂટ થઈ હતી. બે જૂથોના માણસો એકબીજા પર ખુરશીઓ મારવા લાગ્યા હતા. નાઈટ બજાર એક વાગ્યા સુધી ચાલુ રાખવાની પરમિશન છે પરંતુ મોડીરાત સુધી ચાલુ રહે છે.

વીડિયોમાં બન્ને દુકાનદારો પ્લાસ્ટિકની ખુરશીઓ વડે એકબીજા પર હુમલો કરતા અને એકબીજાની દુકાન રેસ્ટોરન્ટમાં તોડફોડ કરતા દેખાય છે. જોકે મોડી રાત્રે બનેલી આ ઘટના બાદ અન્ય વેપારીઓ અને ફૂડ બજારમાં મિજબાની કરવા આવેલા લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો.

રૂા.૮૫ લાખનો ફ્લેટ ખરીદી ઠગાઈ કરવા છેકછાક વાળો ચેક લખી આપ્યો

મફતમાં ફ્લેટ પડાવી લેવાનું તરકટ કરાતા પરિવાર વિરૂદ્ધ ગુનો દાખલ

સુરત

ફ્લેટ ખરીદી કરી છેકછાક વાળી ચેક આપી રૂા.૮૫ લાખની ઠગાઈ કરનાર સામે ઉમરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એનઆરઆઈ સુભાષ નગીન મોદી રહે. હરિઓમ વાસ, રૂંઢ ગામે આરોપી ધ્રુવ સંજીવ ખડેપાઉ, સંજય ઉર્ફે લાલાભાઈ મહેન્દ્રભાઈ, જેનીશબેન સંજીવભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની માલિકીનો ફ્લેટ ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટ તથા અશ્વમેધ એપાર્ટમેન્ટના નામથી ઓળખાતી મિલકતમાં આપેલો છે. આ ફ્લેટ આરોપીઓએ વેચાણ દસ્તાવેજથી ખરીદી પીપલ્સ બેંક વિજયા બેંકના એકાઉન્ટના ચેકો આપી ખાતુ બંધ કરાવી દઈ રૂા.૮૫ લાખ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. ઉમરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વડોદમાં લૂંટારૂઓએ ચપ્પુના ઘા ઝીંકી દેતા પરપ્રાંતિય કારીગરનું કરુણ મોત

મધરાત્રે મોબાઈલ ફોન લૂંટવા લૂંટારૂઓનું ઘાતકી કૃત્ય

સુરત

પાંડેસરા વડોદ ગામ નજીક બિહારવાસીનું ચપ્પુના ઘા મારી નિર્મમ હત્યા કરાતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. બુધવારની રાત્રે બાઈક સવાર બે અજાણ્યા ઈસમોએ મોબાઈલ ફોનની લૂંટ ચલાવી ઉમેશ રાય પર ચપ્પુથી હુમલો કર્યો હતો. ઉમેશને ૧૦૮માં સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ લઈ આવતા વહેલી સવારે તેનું મોત નીપજ્યું હતું. નોકરી પરથી ઘરે જતા ઉમેશ પર હુમલો કરાયો મકાન માલિક મહેન્દ્રભાઈ યાદવ એ જણાવ્યું હતું કે ઉમેશ છેલ્લા ૫ વર્ષથી તેમના મકાનમાં ભાડુઆત તરીકે રહે છે. તેના પરિવારમાં પત્ની, બે સંતાન, માતા-પિતા, અને બે ભાઈઓ હોવાનું જાણવા મળ્યું છે. ઉમેશ એમબ્રોડરીનો કારીગર અને મૂળ બિહારનો રહેવાસી હતો. બુધવારના રોજ માત્ર ૧૨ કલાકમાં જ વડોદ ગામમાં બાઈક સવાર ઈસમોએ ૩ જણા ને ચપ્પુ મારી લૂંટ ચલાવી હોવાનું જાણવા મળ્યું છે.

હિરેન બારોટ તત્કાલ સેવા ૧૦૮ના કર્મચારીએ જણાવ્યું હતું કોલ મળ્યા બાદ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જતા એક યુવાન રોડ ઉપર લોહી નિકળતી હાલતમાં પડેલો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે બાઈક સવાર બે અજાણ્યા ઈસમોએ ચપ્પુ મારી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત ઉમેશ મહેન્દ્ર રાય ઉ.વ. ૨૬ રહે ઘનશ્યામ નગર વદોડગામ નો હોવાનું જાણવા મળ્યું હતું. જેમે તાત્કાલિક સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. ઉમેશને પેટના ભાગે ઘા મરાતા આંતરડા બહાર આવી ગયા હતા. મોબાઈલ ફોનની લૂંટ અંગે પરપ્રાંતિય યુવકની નિર્મમ હત્યા કરી દેવાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. હત્યા સંદર્ભે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
માત્ર ૫૫૦/-માં PLAN - A
LEVEL INCOME
1st 80/-
2nd 60/-
3rd 50/-
4th 40/-
5th 30/-
માત્ર ૩૦૦૦/-માં PLAN - B
LEVEL INCOME
1st 600/-
2nd 400/-
3rd 300/-
4th 200/-
5th 100/-
6th 50/-
સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 શરદ જાદવ 7575006849 રવિ પટેલ 7574888860 અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે
૧ બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨ જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.) ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩ ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.) ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ
-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપને ભૂલશો નહી
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર સમય:- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ

ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
પ્રકૃતિના સાનીધ્યે રહેવાની મજા આજવા ગ્રીન રીસોર્ટ AC/NON AC ROOMS
અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
તદ્દન નવી રાઈડ્સ સાથે કાર્ટરફૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે

અમદાવાદમાં બે બોગસ કોલ સેન્ટરમાં પોલીસ ત્રાટકી : ૪૬ યુવક-યુવતીની ધરપકડ

થલતેજ અને પ્રહલાદ નગરમાં પોલીસે દરોડા પાડયા

અમદાવાદ

શહેરમાંથી આજે બે કોલ સેન્ટર થલતેજ અને પ્રહલાદ નગરમાંથી ઝડપાયા છે. જેમાં કુલ ૪૬થી વધારે યુવક યુવતીઓની ધરપકડ કરવામાં આવી છે. થલતેજનાં એલિગન્સમાંથી ઝડપાયેલ કોલ સેન્ટરમાંથી ૨૦ યુવાનો અને ૧ યુવતીની ધરપકડ કરવામાં આવી છે. જેમાં હજી બે લોકો ફરાર છે. ઘટના સ્થળેથી પોલીસે મોબાઈલ, લેપટોપ, ટુ-વ્હીલર, ફોર વ્હીલર સહિત લાખોનો મુદ્દામાલ જમ કર્યો છે. જયારે પ્રહલાદ નગરનાં પેલેડિયમ કોમ્પલેક્ષમાંથી ઝડપાયેલ કોલ સેન્ટરમાંથી ૨૫થી વધારે લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યાંથી પણ મોબાઈલ અને લેપટોપ જમ કરાયા છે.

થલતેજમાંથી ઝડપાયેલ કોલસેન્ટર મામલે મળતી માહિતી પ્રમાણે પોલીસને મોડી રાતે બાતમી મળી હતી કે થલતેજનાં અર્થ એલિગન્સમાં એક કોલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું છે. જેના આધારે પોલીસે ત્યાં દરોડા પાડતા ત્યાંથી ૨૩ લોકોની સાથે મોબાઈલ, લેપટોપ, ટુ-વ્હીલર, ફોર વ્હીલર સહિત લાખોનો મુદ્દામાલ જમ કર્યો છે. આ આરોપીઓ કેનેડા અને અન્ય દેશનાં યુવાનોને ધમકાવીને રૂપિયા પડાવતાં હતાં. હાલ પોલીસ આ ઝડપેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે કે તેઓ આ લોકોની લીડ ક્યાંથી મેળવતા હતાં. આ ઉપરાંત તેઓ કયા હવાલા મારફતે આ રૂપિયા અન્ય દેશમાંથી અહી મંગાવતા હતાં. જોકે આ કોલસેન્ટર કેટલા સમયથી ચાલતું હતું તે પણ હજી તપાસનો વિષય છે. આ ઉપરાંત પોલીસ તે પણ જાણવાનો પ્રયત્ન કરશે કે આ આરોપીઓ પહેલા અન્ય કોઇ બોગસ કોલ સેન્ટર સાથે સંકડાયેલા હતાં કે નહીં. ગઇકાલે જ અમદાવાદમાંથી અન્ય એક બોગસ કોલ સેન્ટર ઝડપાયું હતું. બાપુનગર વિરાટનગર ચાર રસ્તા પ્લોટ નં-૨૨માં અનીલ હોઝીયરી ઈન્ડ્રસ્ટ્રીયલ નામની ફેક્ટરીમાં ત્રીજા માળેથી બોગ્સ કોલ સેન્ટર પકડ્યુ હતું. સાયબર ક્રાઈમ બ્રાંચને બાતમી મળતા રેડ કરતા ફેક્ટરીની આંડમાં બોગ્સ કોલ સેન્ટર ચાલતુ હતુ. કોલસેન્ટરમાંથી ૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ફેક્ટરીના માલિક વિક્રમ શુક્લા દ્વારા કોલ સેન્ટર ચલાવવામાં આવતુ હતું તેવું જાણવા મળ્યું છે. અમેરિકન નાગરિકો કોલ કરીને ઈન્ટરનલ રેવન્યુ સર્વિસીસના અધિકારી હોવાનુ કહીને નાગરિકને ટેક્ષ ચોરી કરેલાનુ ખોટુ કારણ આપી લાખો રૂપિયા પડાવતા હતાં. તેઓ ડરાવતા હતાં કે પકડવાની કાર્યવાહી થશે અથવા ત્રણ મહિના જેલમાં રહેવુ પડશે.

આજે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરાશે

વલસાડ જિલ્લાના ૧ થી ૧૯ વર્ષના ૪.૬૨ લાખ બાળકોને આલ્બેન્ડાઝોલ ગોળીઓ અપાશે

વલસાડ

સમગ્ર રાજ્યમાં તા. ૮મી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિનને રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ તરીકે ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાની ૧૨૦૯ પ્રાથમિક શાળાઓ, ૨૬૧ માધ્યમિક શાળાઓ અને ૧૮૯૩ આંગણવાડી કેન્દ્રો મળી ૧ થી ૧૯ વર્ષના કુલ ૪,૬૨,૧૬૩ બાળકોને કૃમિનાશક ગોળી આપવાનું અભિયાન હાથ ધરાશે. કૃમિના ચેપી બાળકોમાં કુપોષણ અને લોહીની ઉણપ થાય છે. જેનાથી હંમેશા થાક રહેવાની સાથે શારીરિક અને માનસિક વિકાસમાં અડચણ આવે છે. જેનાથી બાળકોને મુકત કરવા માટે તા. ૮મી ફેબ્રુઆરીએ આલ્બેન્ડાઝોલ ટેબલેટ ગળાવવામાં આવશે. આ ગોળીઓ લેવામાં બાકી રહેલા બાળકોને તા.૧૪મી ફેબ્રુઆરીના રોજ મોપઅપ રાઉન્ડમાં કૃમિનાશક ગોળીઓ ગળાવવામાં આવશે. આ ગોળી ખૂબ જ સુરક્ષિત છે. જેથી પોતાના બાળકોને શાળા/આંગણવાડી પર અચૂક હાજર રાખવા તમામ વાલીઓને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મનોજ પટેલ દ્વારા અનુરોધ કરાયો છે.

સેન્ટ્રલ ઝોને ૧.૯૪ લાખનો વ્યવસાય વેરો વસૂલ કર્યો

વ્યવસાય વેરા અંગે ૬૩ સંસ્થાઓને નોટીસ

સુરત

સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના વ્યવસાય વેરા વિભાગ દ્વારા તા.૨૮-૧-૨૦૧૯ થી તા.૫-૨-૨૦૧૯ દરમ્યાન ઈન્ટર નેશનલ ટ્રેડ સેન્ટર મજુરાગેટ, રિંગરોડ કોમ્પ્લેક્ષમાં જુદી જુદી દુકાનોના બાકી ઈસી અને આરસી વ્યવસાયવેરાની બાકી વસૂલાત અંગે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. આ ઝુંબેશ દરમ્યાન ૬૩ જેટલી સંસ્થાઓને બાકી વ્યવસાયવેરાની નોટિસ બજાવવામાં આવેલ હતી. તેમજ દુકાનોમાં કામ કરતા નોકરીયાતોનો બાકી વ્યવસાયવેરો અને સ્થળ ઉપર માલુમ પડેલ વધારાના નોકરીયાતો વ્યવસાયવેરો ભરવા પણ નોટીસો બજાવવામાં આવેલ હતી. આ વ્યવસાયવેરા વસૂલાત ઝુંબેશ દરમ્યાન કુલ ૧,૯૪,૨૭૫નો વ્યવસાયવેરો સ્થળ ઉપર વસૂલ કરવામાં આવેલ છે. ભવિષ્યમાં પણ સંસ્થાના બાકી ઈસી વ્યવસાયવેરા અને સંસ્થામાં કામ કરતા નોકરીયાતોનો બાકી આરસી વ્યવસાયવેરાના વસૂલાતની ઝુંબેશ તા.૩૧-૩-૨૦૧૯ સુધી વધુ ધનિષ્ઠપણે હાથ ધરવામાં આવનાર છે.

ઈમીગ્રેશન ઓફિસરના નામે રૂા.૯૫ હજાર પડાવી લેવાયા

લંડનના જોસફીન જોશન દ્વારા ઓનલાઈન છેતરપિંડી

સુરત

ઈમીગ્રેશન ઓફિસરના નામે રૂા.૯૫૦૦૦ની રકમ ઓનલાઈન પડાવી લેનાર લંડનના જોસેફીન જોસન નામના વ્યક્તિ સાથે કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા રોડ હીરાબાગ, શીવાલય કોમ્પ્લેક્ષમાં રહેતા ગોપાલ રસીક સવાણીએ આરોપી જોસેફીન જોસન (લંડન) વિરૂદ્ધ ફરિયાદ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ઈમીગ્રેશન ઓફિસરના નામે ફોન કરી યલોકાર્ડ ભારત આવી ગયો છે. મનીલોડરીંગ સર્ટીફિકેટ બનાવવું પડશે તેમ કહીને કુલ રૂા.૯૫૦૦૦ની રકમ બેંક એકાઉન્ટમાં જમા કરાવી વિશ્વાસઘાત કર્યો હતો. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

લાંચીયા કોર્પોરેટ ભંડેરીના ૫ દિવસના રિમાન્ડની એસીબીની માંગણી

લાંચની રકમમાં કયા અધિકારીનો કેટલો હિસ્સો હતો તેની પણ તપાસ કરાશે

સુરત



વોર્ડ નંબર ૮ ડભોલી-સિંગણપોરના ભાજપના કોર્પોરેટર એક ડોક્ટર પાસેથી રૂા.૫૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા બાદ એસીબીના અધિકારીઓ તેને કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાંડ માંગશે. એક એસીબીના મદદનીશ નિયામક પરમારે જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ કમિટીના વાઈસ ચેરમેન અને કોઝવે ચાર રસ્તા પાસે આવેલા ગંગા રેસીડેન્સી ખાતે રહેતાં જયંતીલાલ ભંડેરીએ કોઝવે ચાર રસ્તા પાસે આવેલા હરીદર્શનના ખાડા પાસે ક્લીનિક શર કરનારા એક તબીબ પાસે રૂા.૫૦ હજારની લાંચ માંગી હતી. ડોક્ટરને અધિકારીઓ દ્વારા હેરાનગતિ ન થાય અને તેમના ક્લીનિકનું શટરનું ડીમોલીશન ન થાય તે માટે લાંચ માંગવામાં આવી હતી. એસીબીમાં ફરિયાદ કરવામાં આવતા અધિકારીઓએ ગતરોજ ટ્રેપ ગોઠવીને જયંતી ભંડેરીને રૂા.૫૦ હજરની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી લીધા હતા. એસીબીના આ ગુનાની તપાસ કરનાર અધિકારી પીઆઈ રાઠવા આજે તેને કોર્ટમાં રજૂ કરી પાંચ દિવસના રિમાંડ માંગશે.

રિમાંડ અરજીમાં એવો ઉલ્લેખ કરવામાં આવશે કે રૂા.૫૦ હજારની લાંચમાંથી કયા અધિકારી અને કેટલા કોર્પોરેટરોને નાણાં આપવાના હતા. સિંગણપોર વિસ્તારમાં પોતાના મકાનમાં રૂદ્ર કલીનિકના નામથી દવાખાનું ચાલુ કર્યું હતું.

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં વાપીની રોફેલ કોલેજ ખાતે મેગા પ્લેસમેન્ટ કેમ્પ યોજાયો



વલસાડ

વલસાડ જિલ્લાના વાપી ખાતેની રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલ્લેજ ખાતે શિક્ષણ વિભાગ પ્રેરિત મેગા પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું.

આ અવસરે આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકરે રાજય સરકારની રોજગારલક્ષી વ્યવસ્થામાં ભાગીદાર બનવા બદલ રોફેલ કોલેજ પરિવારને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, આજે શાળા કોલેજોમાં ભણતરનું પ્રમાણ વધ્યું છે ત્યારે ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધવા રાજય સરકાર દ્વારા રોજગારી આપવાના હેતુસર યોજાઇ રહેલા કેમ્પનો સૌને લાભ લેવા અનુરોધ કર્યો હતો. વિવિધ કૌશલ્યવર્ધન કેન્દ્ર ખાતે ટેકનીકલ તાલીમ આપી પ્રમાણપત્ર આપવામાં આવે છે, જેના થકી કોઇપણ કંપનીમાં નોકરી મેળવી શકે છે. ગ્રામ્ય કારીગર માટે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ તાલુકા કક્ષાએ શ્રમિક કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. જેના થકી ગ્રામ્ય વિસ્તારના લોકો પોતાના વિસ્તારમાં જ સ્વરોજગારી મેળવવાની સાથે ગામના અન્ય લોકોને પણ રોજગારી આપી રહયા છે. ગ્રેજ્યુએટ ઉમેદવારોને રોજગારી મળે તે માટે પણ વિશેષ આયોજન કરાયું હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું. નોકરી મેળવ્યા બાદ પોતાનું શ્રેષ્ઠતમ કૌશલ્ય દાખવી પોતાનું સ્થાન ફિકસ કરી લેવા જણાવ્યું હતું. ટાઇમ મેનેજમેન્ટ કરી તેનો સદુપયોગ કરવા અને મોબાઇલના વળગણથી દૂર રહેવા તેમણે અનુરોધ કર્યો હતો.

વલસાડ ધારાસભ્ય ભરતભાઇ પટેલે જણાવ્યું હતું કે, સૌને રોજગારી મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા નોકરીદાતાઓ અને રોજગારવાંચ્છુઓને એકસાથે ભેગા કરી કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

પારડી ધારાસભ્ય કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, રાજય સરકારે દરેક કંપનીઓમાં એપ્રેન્સટીસ ભરતી કરવાની સાથે શિક્ષણની સાથે રોજગારી મળે અને જેને કામ જોઇએ તેને કામ પૂરું પાડવાના હેતુસર વિશેષ કેમ્પ યોજે છે.

શિક્ષણ વિભાગ અધિક કમિશનર એસ.કે.પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિદ્યાર્થીઓ રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે મેગા કેમ્પ યોજી રોજગારી આપવાનો રાજય સરકારનો પ્રયાસ છે.

ઝોનલ ઓફિસર એસ.આર.જોષીએ જણાવ્યું હતું કે, પ્લેસમેન્ટ કેમ્પ દરમિયાન ઈન્ટરવ્યૂ આપવા માટેની તાલીમ અને અનુભવ મળે છે, જે ધ્યાને લઇ તમામ રોજગારવાંચ્છુઓ કેમ્પનો લાભ લે તે જરૂરી છે.

કોલેજના આચાર્યા હેમાલબેન દેસાઇએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારતાં જણાવ્યું હતું કે, આ કેમ્પ માટે ૧૩૦૦ કરતાં વધુ રજિસ્ટ્રેશન કરાયા છે, જેમને રોજગારી આપવા માટે ૮૦ જેટલી કંપનીઓ હાજર રહેનાર છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં રોજગારીની તકો દર્શાવતી માહિતી પુસ્તિકાનું મંત્રીશ્રીના હસ્તે વિમોચન કરાયું હતું. રોજગારી મેળવનારને નોકરીનો હુકમ મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયા હતા.

આ અવસરે ટ્રસ્ટી મંડળના સુભાષભાઇ પાંચાલ, ભરતભાઇ, વિવિધ શાળા, કોલેજ, આઇ.ટી.આઇના આચાર્યો, રોજગારવાંચ્છુઓ હાજર રહયા હતા.

નવસારી જિલ્લામાં તા.૧૫'થી જળસંચય અભિયાન શરૂ થશે

જળસંચય અભિયાનના આયોજન અંગે બેઠક યોજાઈ

નવસારી

નવસારી જિલ્લામાં ગતવર્ષ સુજલામ સુફલામ જળ સંચય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લામાં જળસંચયની નોંધપાત્ર કામગીરી હાથ ધરી સફળતા પ્રાપ્ત થઇ હતી. રાજય સરકાર દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ જળસંચયની કામગીરી હાથ ધરવા નિર્ણય લઇ આગામી તા.૧૫/૦૨/૨૦૧૯ થી સુજલામ સુફલામ જળ અભિયાનના આયોજન હાથ ધરવા કલેકટર ડૉ. એમ.ડી. મોડિયાના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેકટર શ્રી કે.જે.રાઠોડે બેઠક યોજી હતી.

બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી રાઠોડે જણાવ્યું હતુ કે, નવસારી જિલ્લામાં કુલ-૨૦૮ જેટલા જુદા જુદા જળસંચયના કામો, તળાવ ઉંડા કરવા ચેકડેમ, ખેત તલાવડી, ચેકવોલ, ગલીપ્લગ, નહેર સફાઇ, કાંસ સફાઇ, વનતલાવડી, વોટર હાર્વેસ્ટીંગ, ડ્રેનેજ લીકેજ સફાઇ, વરસાદી પાણી તળાવમાં ઉતારવા, જળકુંભી સફાઇ અભિયાન જેવા કામો જિલ્લા સમિતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મંજૂરી વગર કોઇ કામ શરૂ ન કરવા સૂચના આપી હતી.

વધુમાં નિવાસી અધિક કલેકટર શ્રી રાઠોડે જણાવ્યું હતું કે, સુજલામ, સુફલામ, જળ અભિયાન હેઠળ જિલ્લાકક્ષાએ સંબંધિત વિભાગોના કામોનો માસ્ટર પ્લાન બનાવી સ્વૈચ્છિક સંસ્થાઓ નકકી કરી સમિતિની મંજૂરી લઇ કામગીરી હાથ ધરી શકાશે. જિલ્લામાં લોકભાગીદારીથી કામો હાથ ધરવા જળસંપત્તિ વિભાગ દ્વારા ૧૩ તળાવ ઉંડા કરવા, ગ્રામ વિકાસ એજન્સી મનરેગા દ્વારા ૨૬ તળાવ, ૨ ચેકડેમ, જિલ્લા જળસ્રાવ વિભાગ દ્વારા-૬ ખેતતલાવડી, ૧ તળાવ, ૮ ચેકવોલ, ૨ ગલીપ્લગ તેમજ પાણી પુરવઠા પંચાયત સિંચાઇ, અંબિકા વિભાગ, ડ્રેનેજ વિભાગ, વનવિભાગ, નગરપાલિકાઓ દ્વારા ડીપાર્ટમેન્ટલ કામગીરી હાથ ધરવાની સૂચનાઓ આપી હતી. નવસારી જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાન-૨૦૧૯ માં ૨૦૮ જેટલા જુદા જુદા કામો મંજૂર કર્યા છે. આગામી તા.૧૫ મી ફેબ્રુઆરીથી આ કામો શરૂ કરવા અનુરોધ કર્યો હતો.


બેઠકમાં નવસારી, ચીખલી અને વાંસદાના પ્રાંત અધિકારી શ્રી સર્વશ્રી રાજપૂત, ભોગાયતા, લલિત સાંદુ, ડ્રેનેજ વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી પટેલ, તેમજ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

ભરૂચ સુધી નર્મદા નદીને જીવતી કરવા ૫૦ એસીએમથી વધુ પાણીની જરૂર પડે : ત્રીજે દિવસે પણ પાણી છોડવાનું ચાલુ રખાયું

ભરૂચ પાણી પહોંચાડવાની લાયમાં પાણી છોડતા કરજણ નદીના પટમાં ઉગેલો પાક ધોવાયો : કરજણ ઓવારા પાસે બનતા બ્રીજનું કામ પણ ધોવાઈ ગયું: ભરૂચના ઘાટો પર આ વર્ષે કરજણ નદીના પાણીથી કરજણ જયંતિ ઉજવાશે



રાજપીપળા: નર્મદા જયંતિને લઈને સૂકી ભટ્ટ નર્મદા નદીને કરજણ નદીના પાણીથી ભરી સરકાર લીપાપોથી કરી રહી છે. અને સંતોષ માણી રહી છે કે સાધુ સંતો અને ભક્તો ખુશ થશે, અને નર્મદા જયંતિનો પર્વ ધામધૂમથી ઉજવશે, પણ સરકાર ના આ નિર્ણયથી નહી સાધુ સંતો ખુશ થશે કે નહિ ભક્તો ખુશ થશે, ઉલ્ટાના ખેડૂત વર્ગ નારાજ થઈ રહ્યો છે માટે સરકાર કરજણ માંથી પાણી છોડવાનું બંધ કરે અને પાણીનો સંગ્રહ થવાદે તે જરૂરી બું છે. સરારના આ નિર્ણયથી નર્મદા જયંતિને જગ્યાએ પહેલીવાર કરજણ જયંતિ ઉજવાશે કેમ કે નર્મદામાં વહેતુ પાણી કરજણ નદીનું છે, ત્યારે હવે ભક્તો આ પાણીમાં સ્નાન, પૂજાનો લ્હાવો લેશે. પરંતુ તજજ્ઞોનું માનવું છે કે આ સૌથી ઉંડી અને પહોળી નદી હોય પાણીની માત્રા વધુ હોવી જોઈએ ૧૫ મિલિયન ક્યુબિક મીટર થી ભરૂચ સુધી પાણી પહોંચે નહિ. ભરૂચ સુધી પાણી પહોંચાડવું હોય તો ઓછામાં ઓછું ૫૦ મિલિયન ક્યુબિક મીટર પાણી જોઈએ પરંતુ એટલું છોડવું શક્ય નથી. જેથી આ વર્ષે પણ ઓછા પાણીથી નર્મદા જયંતિ ઉજવાશે.

કરજણ જળાશય યોજના એક નાનો ડેમ છે જેની મહત્તમ સપાટી ૧૧૬ મીટર છે. આજે કરજણ ડેમની સપાટી ૧૦૬.૨૨ મીટર છે અને પાણી છોડવાનું શરૂ કર્યું અને આજે ત્રીજો દિવસ છે, ત્રણ દિવસમાં ૫ મીટર સપાટી ઘટી છે. અને જીવંત જથ્થો પણ ૩૪૧.૫૨ મીટર છે ત્યારે કરજણ ડેમમાં થી પાણી ઘટી રહ્યું છે. પણ જેનો ઉપયોગ કઈ લાગતું નથી નર્મદા નદીના પટ માં આ ૧૫ દ્વષ્ઠદ્વ પાણી સમાઈ ગયું છે. ત્યારે હજુ કેટલું પાણી છોડવામાં આવશે જે હાલ કરજણ જળાશય ના અધિકારી ને પણ નથી ખબર કે કઈ સુધી પાણી છોડવાનું છે.ત્યારે કરજણના પાણીનો વેડફાટ કરતી સરકાર સામે ભરૂચ નર્મદાના ખેડૂતો રોષ પ્રકટ કરી રહ્યા છે.

ડેડીયાપાડાના મંડાળા ગામે પોલીસે છાપો મારી બે લાખના ગાંજા સાથે એક ઝડપી લીધો



રાજપીપળા : નર્મદા જીલ્લાના ડેડીયાપાડા તાલુકાના મંડાળા ગામે ખેતરમાંથી વડોદરા આર.આર સેલે બાતમીના આધારે ડેડીયાપાડા પોલીસ સાથે મળી મોટા ગાંજાના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. વડોદરા રેન્જ આર.આર સેલને ડેડીયાપાડાના મંડાળા ગામે ખેતરમા ગાંજાનું વાવેતર કર્યું હોવાની બાતમી મળી હતી.

ડેડીયાપાડા સર્કલ પીઆઈ આર.એન.રાઠવા, વડોદરા રેન્જ આર.આર.સેલ પીએસઆઈ એચ.પી.ઝાલા, આર.આર. બ્રહ્મભટ્ટ તથા એફ.એસ.એલના ઓફિસર અને સ્ટાફ સાથે ડેડીયાપાડા તાલુકાના મંડાળા ગામના કાંતિલાલ સોનજી વસાવાના ખેતરમા તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ખેતરમા બિનઅધિકૃત રીતે વાવેતર કરેલ ગાંજાના ૪૫૨૦ છોડ જેનું વજન ૭૧.૯૬૦ કિલો અને કિંમત ૨,૧૫,૮૮૦નો જથ્થો ઝડપી પાડ્યો હતો જેમાં કાંતિ સોનજી વસાવા તેના ટેકરા ફળિયા ખાતેના ઘર માંથી મળી આવ્યો હતો.વડોદરા આર.આર સેલે કાંતિ વસાવા વિરુદ્ધ નારકોટિક્સ ડ્રગ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટનસ એક્ટ મુજબ ડેડીયાપાડા પોલીસ મથકમાં ફરિયાદ આપી ગુનો નોંધ્યો હતો. આ ગુનાની તપાસ નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગાડીયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાશે અને આરોપીના પોલિસ કસ્ટડી રિમાન્ડ મેળવી ગાંજાની હેરફેર અને વેચાણના ષડયંત્રની તપાસ કરવામાં આવશે.

મજૂરના મોતથી ખજોદ હીરા બુર્સ સાઈટ પર કામદારોનું તોફાન



મજૂરે આત્મહત્યા કરી લેતા નિર્માણાધીન હિરા બુર્સમાં સેંકડો કામદારો ઉશ્કેરાયા: પોલીસ વાન પર પથ્થરમારો : હત્યાના આરોપ સાતે કર્મચારીઓનું રસ્તા રોકો આંદોલન

સુરત

ખજોદ ખાતે નવનિર્મિત ડાયમંડ બુર્સ ખાતે મજૂરના આપઘાતના પગલે સાથી મજુરોએ હોબાળો મચાવ્યો હતો. મજૂરની હત્યા કરી તેની લાશને લટકાવી દઈ આત્મહત્યામાં ખપાવાની આશંકાથી શ્રમિકો વિફરતા એમ્બ્યુલન્સ અને પોલીસના વાહનમાં તોડફોડ કરી હતી.

ખજોદ ખાતે નિર્માણાધીન ડાયમંડ બુર્સ ખાતે સુરજીત નામનો શ્રમિક આજે કામ પર આવ્યો ન હતો. સાથી મજુરોએ તપાસ કરતા કામના સ્થળે મજૂરોના રૂમમાં તેની લાશ લટકતી હાલતમાં મળી હતી. છેલ્લા એકાદ મહિનામાં મજુરના આપઘાતની આ ચોથી ઘટના બનતા મજુરો વિફર્યા હતા. સાથી મજુરોએ આક્ષેપ કર્યો હતોકે સુરજીતની હત્યા કરીને તેના મૃતદેહને રૂમમાં લટકાવી દઈ આત્મહત્યામાં ખપાવવામાં આવ્યો છે.

આજે સવારથી ડાયમંડ બુર્સ ખાતે મજુરોનું ટોળુ જમા થઈ કામનો બહિષ્કાર કર્યો હતો. કોન્ટ્રાક્ટર દ્વારા એમ્બ્યુલન્સ અને પોલીસ બોલાવવામાં આવી હતી. વિફરેલા મજુરોએ માનવ સાંકળ બનાવીને એમ્બ્યુલન્સ તથા પોલીસના વાહનો પર પથ્થરમારો કર્યો હતો. ડાયમંડ બુર્સ ખાતે શ્રમિકોએ આત્મહત્યા નહીં પરંતુ હત્યા કરવામાં આવી હોવાથી મૃતકોના પરિવારોને આર્થિક મદદ અને હત્યારાઓની ધરપકડ તથા સજાની માંગ કરવામાં આવી હતી.

આશરે હજારેક જેટલા મજુરો ભેગા થઈ જતા ઘટનાની ગંભીરતા સમજી ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટના સ્તળે પહોંચી ગયા હતા. ખટોદરા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ડેડીયાપાડાના ખટામ ગામ પાસે અકસ્માતમાં એકનું મોત, એકને ઈજા



રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ખટામ ગામ નજીક ગતરોજ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને એકને ઈજા થતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડા તાલુકાના ખટામ ગામ પાસે બુધવારે એક ક્લુઝર ગાડી નં. જીજે.૨૨.એ. ૪૨૭૦ ના ચાલકે પોતાની ગાડી દેડીયાપાડા તરફથી મોઝદા તરફ પુર ઝડપે હંકારી લાવી ખટામ ગામના વળાંકમાં રોંગ સાઈડ ચલાવી સામેથી આવતી હુમલાભાઈ બામણીયાભાઈ વળવી ઉ.વ. ૨૭ ધંધો.મજુરી રહે. છાપરી, જી.નંદુરબાર (મહારાષ્ટ્ર)ની મો.સા. એમએચ.૩૯. આર.૩૦૩૪ને અથાડી શરીરે ઈજાઓ પચોચાડી તથા મો.સા. પાછળ બેઠેલા કાલુસિંગભાઈ ડુંગરીયાભાઈ વળવીને ગંભીર ઈજાઓ પહોચાડી સ્થળ ઉપર તેમનું મોત નિપજાવી અકસ્માત બાદ ક્લુઝર ગાડી રોડ ઉપર પલ્ટી મરાવી દેતા ઘટના સ્થળે લોકટોળા એકઠા થયા હતા. આ બાબતે હુમલાભાઈ વળવીએ ડેડીયાપાડા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે. તપાસ પીએસઆઈ સી એમ ગામીત કરી રહ્યા છે.

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
- પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
- મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
''કાશ્મીરી શાલ''
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર કવોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
''છોટા કુબેર'' કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭


SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત


3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
- ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
- લેટેસ્ટ ટેકનોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
- ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
- રીચાર્જેબલ હીયરીંગ એઈડ
- જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: યુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE NEW VARIETY
રજવાડી ફીંગ રજવાડી ક્વીન
મખ્ખન બોગ

Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer 150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉંમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004